અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ નવેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૨ | અંક : ૧૩૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## મારી યાત્રા ભારત-નાઇઝીરિયાની રણનીતિક ભાગીદારીને વધુ મજબૂત કરવાનો અવસર હશે : પીએમ મોદી

### વડાપ્રધાન નાઇઝીરિયા, બ્રાઝિલ અને ગુયાનાની પાંચ દિવસીય યાત્રા પર રવાના થયા : નરેન્દ્ર મોદી બ્રાઝિલમાં G20 શિખર સંમેલનમાં સામેલ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (૧૬ નવેમ્બર) નાઈઝીરિયા, બ્રાઝિલ અને ગુયાનાની પાંચ દિવસીય યાત્રા પર રવાના થયા. નરેન્દ્ર મોદી બ્રાઝિલમાં ૨૨૦ શિખર સંમેલનમાં સામેલ થશે. ત્રણ દેશોની યાત્રા પર રવાના થતા પહેલા શનિવારે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, નાઈઝીરિયાના રાષ્ટ્રપ તિ અહમદ ટીનૂબૂના આમંત્રણ પર હું પ હેલી નાઈઝીરિયા યાત્રા પર જઈ રહ્યો છું. વડાપ્રધાન મોદીએ પશ્ચિમી આફ્રીકામાં નાઈઝીરિયાને ભારતનું સૌથી નજીકનું સાથી બતાવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, મારી યાત્રા ભારત-નાઈઝીરિયાની રણનીતિક ભાગીદારીને વધુ મજબૂત કરવાનો અવસર હશે, જે લોકશાહી અને વિવિધતામાં બંનેના વિશ્વાસ પર આધારિત છે. વડાપ્રધાન મોદીએ અબૂઝા સહિત નાઈઝીરિયાના અલગ અલગ ભાગોમાં રહેતા ભારતીય સમુદાયના લોકોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, હું ભારતીય સમુદાય અને નાઈઝીરિયાના મિત્રોથી મળવા ખુબ ઉત્સુક છું, જેમણે મને હિન્દીમાં ઉત્સાહભર્યા સ્વાગત સંદેશ મોકલ્યા છે.



છેલ્લા ૧૭ વર્ષમાં પહેલી વખત કોઈ ભારતીય વડાપ્રધાન નાઈઝીરિયાનો પ્રવાસ કરશે. અગાઉ ૨૦૦૭માં તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહનસિંહે નાઈઝીરિયાનો પ્રવાસ કર્યો હતો. જ્યારે વડાપ્રધાન મોદી નાઈઝીરિયાનો આ પ્રવાસ ત્યાંના રાષ્ટ્રપતિ ટીનૂબૂના આમંત્રણ પર કરી રહ્યાં છે. જેમાં આગામી ૧૭ નવેમ્બરે મોદી ટીનૂબૂ સાથે પ્રતિનિધિમંડળ સ્તરીય દ્વિપક્ષીય મુલાકાત કરશે. આ પછી વડાપ્રધાન મોદી નાઈઝીરિયાની રાજધાની અબુજા ખાતે ભારતીય સમુદાયના લોકોને સબંધિત કરશે અને પછી બ્રાઝિલ જવા રવાના થશે. ભારત અને નાઈઝીરિયા બંને દેશોના નજીકના સંબંધો છે. જ્યારે ભારતની જેમ નાઈઝીરિયા આફ્રિકાનું સૌથી મોટું લોકતંત્રિક દેશ છે. નાઈઝીરિયા આફ્રિકાનો સૌથી મજબૂત દેશ માનવામાં આવે છે. તેનું કારણ અહીંનું અર્થતંત્ર છે. ભારત અને નાઈઝીરિયા વચ્ચે રાજદ્વારી સંબંધો ૧૯૫૮માં નાઈઝીરિયાની સ્વતંત્રતા પહેલા જ શરૂ થયા હતા, જ્યારે ભારતે લોકોમાં તેના રાજદ્વારી ગૃહની સ્થાપના કરી હતી. નાઈઝીરિયાએ વર્ષ ૧૯૬૦માં આઝાદી મેળવી હતી અને બંને દેશો વચ્ચે ૬૦ વર્ષથી વધુ સમયથી ઉચ્ચ સ્તરના રાજકીય સંબંધો જળવાઈ રહ્યા છે. ચીન આફ્રિકન દેશો પર નજર તાકીને બેઠું છે, તેવામાં વડાપ્રધાન મોદી જ્યારે નાઈઝીરિયાના પ્રવાસ પર હશે ત્યારે ચીન પરેશાન થઈ શકે છે. બીજી તરફ, ચીનની હંમેશા નાઈઝીરિયાના સમૃદ્ધ તેલ અને ગેસના ભંડાર પર નજર છે. કોઈપણ રીતે, ચીન હંમેશા ડોળ કરવાનો પ્રયાસ કરે છે કે તે આફ્રિકન દેશોના શુભચિંતક છે, જ્યારે સત્ય તેનાથી વિરુદ્ધ છે. ચીન આફ્રિકન દેશોને તેના દેવાની જાળમાં ફસાવવા માગે છે. સત્ય એ છે કે આજે આફ્રિકન દેશો ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફ પૂરા વિશ્વાસ સાથે જુએ છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત આફ્રિકન દેશોને સમયાંતરે વિવિધ સ્તરે મોટી મદદ કરતું રહે છે. આફ્રિકન દેશો આ વાત સારી રીતે સમજે છે કે તેમના માટે ભારત વધુ ભરોસાપાત્ર દેશ છે, ચીન નહીં. તેથી વડાપ્રધાન મોદીની નાઈઝીરિયા મુલાકાતથી ચીન પરેશાન દેખાઈ શકે છે. નાઈઝીરિયાની મુલાકાત પહેલાં વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી કે 'નાઈઝીરિયાના હિન્દી પ્રેમીઓએ મારી ત્યાંની મુલાકાત વિશે જે રીતે ઉત્સાહ દર્શાવ્યો છે, તે હૃદયને સ્પર્શી ગયો છે! હું મારી આ યાત્રા વિશે ખૂબ જ ઉત્સુક છું.' નાઈઝીરિયામાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકો રહે છે. નાઈઝીરિયામાં ભારતીય મૂળના લગભગ ૬૦ હજાર લોકો છે, જે કોઈપણ આફ્રિકન દેશની સરખામણીમાં સૌથી વધુ છે.

### ન્યૂઝ બ્રિફ

#### આતંકવાદીઓ હવે પોતાના ઘરમાં પણ સુરક્ષિત નથી

। નવી દિલ્હી, તા.૧૬ ।

પાકિસ્તાનનું નામ લીધા વિના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને પડકાર ફેંકતા કહ્યું કે, ભારત હવે બદલાઈ ગયું છે. આતંકીઓ હવે પોતાના ઘરમાં પણ સુરક્ષિત રહી શકતા નથી. એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ આતંકવાદ, વિકાસ અને તેમની સરકારની નીતિઓ વિશે વિગતવાર ચર્ચા કરી હતી. મુંબઈમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના અહેવાલોનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે મેં એક પ્રદર્શનમાં ૨૬/૧૧ હુમલા સાથે સંબંધિત અહેવાલો જોયા. તે સમયે આતંકવાદ ભારતીયો માટે મોટો ખતરો હતો અને લોકો પોતાને અસુરક્ષિત અનુભવતા હતા.

#### દિલ્હીમાં ગૂંગળામણ, ઝેરી હવા શ્વાસ લેવામાં મુશ્કેલી

। નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર વધુ ખરાબ છે. દિલ્હી-એનસીઆરમાં શ્વાસ લેવો મુશ્કેલ બની ગયો છે અને લોકોને શ્વાસ સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન, દિલ્હીમાં વાયુ પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં રાખીને, દિલ્હીમાં જીઆરએપી ૩ લાગુ કરવામાં આવ્યો છે. જેના કારણે દિલ્હીમાં બાંધકામ અને ડિમોલિશનનું કામ રોકી દેવામાં આવ્યું છે. સરહદો પર પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. બીએસ૩ અને બીએસ૪ વાહનોને દિલ્હીમાં પ્રવેશવા પર પ્રતિબંધ છે.

## પાકિસ્તાન બાદ ભારત પણ આવશે ચેમ્પિયન્સ ટ્રોફી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આગામી ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમ્યાન યોજાનાર વન ડે ક્રિકેટની ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાનાર છે પણ ભારતે પાકિસ્તાનમાં તેની મેચો રમવાનો ઈનકાર કરી દીધો હોઈ ચેમ્પિયન્સ ટ્રોફી ક્યા અથવા તો ક્યા મોડેલથી યોજવી તેનો કોયડો ગૂંચવાયો છે તેવા વાતાવરણ વચ્ચે આ ટૂર્નામેન્ટની ટ્રોફી ૧૪ નવેમ્બરે પાકિસ્તાનના ઈસ્લામાબાદ પહોંચી ગઈ છે. ત્યારે પાકિસ્તાની સરકારે આ ટ્રોફીને પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીર (PoK)માં ફેરવવાનું એલાન કર્યું હતું. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની આપત્તિ બાદ ICCએ તેને રદ કરી દીધું.

PoKના કોઈ પણ શહેરમાં ટ્રોફી નહીં જાય. આ સાથે ICCએ ટ્રોફી ટૂરનું નવુ શેડ્યૂલ જાહેર કરી દીધું છે, જે હેઠળ ટ્રોફી હવે PoK નહીં જાય. શેડ્યૂલ અનુસાર, આ ટ્રોફી ૧૨ દિવસની ટૂર માટે ભારત પણ આવશે. ૧૫ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી સુધી આ ટ્રોફી ભારત લવાશે. આ સિવાય બાકીના દેશોમાં પણ આ ટ્રોફી ટૂર માટે લઈ જવાશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની જે હરકત બહાર આવી છે તેનો ICCએ ઉધડો લીધો છે અને મનાઈ ફરમાવી છે. બન્યું એવું કે




ચેમ્પિયન્સ ટ્રોફીનો ટેમ્પો જમાવવાના બહાને પાકિસ્તાને ચેમ્પિયન ટ્રોફીને પાકિસ્તાનના જુદા જુદા શહેરોમાં ચાહકોને જોવા માટે ફેરવવાનું નક્કી કર્યું હતું.

આવતીકાલથી ૨૪ નવેમ્બર દરમ્યાન ટ્રોફી પાકિસ્તાન શહેરોમાં યાત્રા કરવાની હતી અને ચાહકો તેને જોવા ઉમટે તેવો આશય હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટ્રોફી યાત્રાના શહેરો અને રૂટ પણ જાહેર કર્યા હતા. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તેની ખોરી દાનત બતાવતા આ ટ્રોફી યાત્રામાં પાકિસ્તાન હસ્તકના કાશ્મીર (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર- પીઓકે)ના મુરી, સ્કાર્દુ, હુન્ઝા અને મુઝફરાબાદ જેવા શહેરોને પણ આવર્યા હતા. એટલું જ નહીં 'એક્સ' પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોસ્ટ મુકી તેમાં પણ આ વિવાદિત શહેરોના નામ મૂક્યા હતા.

પાકિસ્તાન જો આમ કરવામાં સફળ થાય અને ભારતીય ક્રિકેટ બોર્ડ અને ICC પાકિસ્તાનની આ ચાલને નજરઅંદાજ કરે તો ભવિષ્યમાં પાકિસ્તાન એવો દાવો કરી શકે કે 'જુઓ, અમે ચેમ્પિયન્સ ટ્રોફીની યાત્રા પણ પીઓકેમાં કરાવી હતી.' આમ પીઓકે પાકિસ્તાનનું છે તે પૂરવાર થાય. હકીકતમાં PoK ભારત સરકારના મતે વિવાદિત છે અને તેને પાકિસ્તાન હસ્તક કહી ન શકાય.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફીની જુદા જુદા શહેરોની યાદીમાં PoKના ત્રણ શહેરોના નામ જોતાં જ ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહે ICC સમક્ષ તાત્કાલિક વિરોધ વ્યક્ત કર્યો કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને PoKના શહેરો બાકાત કરવાની તાકીદ કરવામાં આવે. ICCને પણ પાકિસ્તાનની મેલી મુરાદ જણાઈ અને તેઓએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને જણાવી દીધું છે કે ચેમ્પિયન્સ ટ્રોફીની પાકિસ્તાન યાત્રામાંથી PoKના ત્રણ શહેરો બાકાત કરી દેવામાં આવે. ICCની આ ફટકાર પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટ્રોફીની આ યાત્રાનો કાર્યક્રમ બંધ રાખ્યો છે.

### શિરોમણી અકાલી દળના અધ્યક્ષ પદેથી રાજીનામું

## સુખબીર સિંહ બાદલે અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

શિરોમણી અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલે અધ્યક્ષ પદેથી રાજીનામું ધરી દીધું છે. પાર્ટીની વર્કિંગ કમિટીને રાજીનામું આપ્યું છે. બાદલે પોતાના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા અને સમગ્ર કાર્યકાળ દરમિયાન દિલથી સમર્થન અને સહયોગ આપવા માટે તમામ પાર્ટી નેતાઓ અને કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

શિરોમણી અકાલી દળના નેતા દલજીત સિંહ ચીમાએ કહ્યું કે, શિઅદ અધ્યક્ષ સુખબીર સિંહ બાદલે નવા અધ્યક્ષની ચૂંટણી યોજવા માટે આજે પાર્ટીની કાર્યસમિતિને પોતાનું રાજીનામું સોંપી દીધું. તેમણે પોતાના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા અને સમગ્ર કાર્યકાળ દરમિયાન દિલથી સમર્થન અને સહયોગ આપવા માટે તમામ પાર્ટી નેતાઓ અને કાર્યકર્તાઓનો આભાર માન્યો. જણાવી દઈએ કે, વર્ષ ૨૦૦૮માં સુખબીર સિંહ બાદલને શિરોમણી



અકાળી દળની કમાન સોંપવામાં આવી હતી. બાદલે ૧૬ વર્ષ અને બે મહિના સુધી શિઅદનું અધ્યક્ષ પદ સંભાળ્યું. સુખબીર સિંહ બાદલ પહેલા તેમના પિતા પ્રકાશ સિંહ બાદલ પાસે પાર્ટીની કમાન હતી.

સુખબીર સિંહ બાદલે પાર્ટી અધ્યક્ષ પદથી રાજીનામું એવા સમયે આપ્યું છે જ્યારે ૨૦ નવેમ્બરે પંજાબની ચાર વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી થવાની છે. તેમના રાજીનામાં બાદ હવે જોવાનું રહેશે કે શિરોમણી અકાળી દળના નવા ચીફ કોને બનાવવામાં આવે છે.

### કોર્ટની કરી હતી રેકી

## શ્રદ્ધા વોકરની હત્યાનો બદલો લેવા માંગતો હતો બાબા સિદ્દીકી કેસનો માસ્ટરમાઈન્ડ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

અજિત પવારની NCPના નેતા બાબા સિદ્દીકીની હત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શુભમ લોનકરે દિલ્હીની કોર્ટમાં આફતાબ પૂનાવાલાની હત્યા માટે એક મહિના સુધી રેકી કરી હતી. અગાઉ મુંબઈ પોલીસે આ કેસમાં શિવકુમાર ગૌતમની ધરપકડ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાના માસ્ટરમાઈન્ડ આરોપી શુભમ લોનકરે શ્રદ્ધા વૉકર હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપી આફતાબ પૂનાવાલાની હત્યાની કથિત રીતે યોજના બનાવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે કથિત રીતે સંકળાયેલા શુભમ લોનકરે ૨૦૨૨માં દિલ્હીની સાકેત કોર્ટમાં આફતાબ પૂનાવાલાની હત્યા કરવા માટે એક મહિના સુધી રેકી કરી હતી. આફતાબ પૂનાવાલા પર મહારાષ્ટ્રના વસઈની રહેવાસી શ્રદ્ધા વૉકરની હત્યાનો આરોપ છે.

### રાહુલ ગાંધી પ્રચાર માટે અમરાવતી પહોંચ્યા

## અમે જે પણ બોલીએ છીએ, મોદીજી આજકાલ તે જ કહી રહ્યા છે : રાહુલ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખ હવે ખૂબ નજીક છે. મતદાનની તારીખ ૨૦મી નવેમ્બર છે. પરિણામ ૨૩મી નવેમ્બરે જાહેર કરવામાં આવશે. આ દરમિયાન તમામ રાજકીય પક્ષો મતદારોને રીઝવવાના પ્રયાસમાં વ્યસ્ત છે અને એકબીજા પર પ્રહારો કરી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પ્રચાર માટે અમરાવતી પહોંચ્યા હતા. આ દરમિયાન



રાહુલ ગાંધીએ જાહેર સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું હતું. અમરાવતીમાં જાહેર સભાને સંબોધતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્રની જનતાની સરકાર કરોડો રૂપિયા આપીને ચોરી કરવામાં આવી હતી. આજે મહારાષ્ટ્રનો દરેક વ્યક્તિ જાણે છે કે તે સરકાર શા માટે ચોરાઈ હતી. આ ધારાવીને કારણે થયું હતું, કારણ કે પીએમ મોદી અને ભાજપના લોકોએ તમે તમારા મિત્ર ગૌતમ અદાણીને મહારાષ્ટ્રના ગરીબોની ૧ લાખ કરોડ રૂપિયાની જમીન આપ વા માંગતા હતા એટલે તમારા હાથમાંથી મહારાષ્ટ્ર સરકાર છીનવાઈ ગઈ છે.'

### નવદંપતી સહિત ૭ના મૃત્યુ

## ઉત્તર પ્રદેશના બિજનૌરમાં વરરાજાની કારનો અકસ્માત

। બિજનૌર, તા. ૧૬ ।

ઉત્તર પ્રદેશના બિજનૌરમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે, જ્યાં એક ઝડપથી દોડતી વરરાજાની કારે ઓટોને ટક્કર મારી હતી. જેના કારણે સાત લોકોના કરૂણ મોત થયા હતા. આ સાત લોકોમાં વર-કન્યાનો પણ સમાવેશ થાય છે. જેઓ લગ્ન બાદ ઘરે પરત ફરી રહ્યા હતા પરંતુ રોડ અકસ્માતના કારણે તેમના ઘરમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, કાર અને ઓટો વચ્ચેની ટક્કરમાં સાત લોકોના મોત ઉપરાંત બે લોકો ઘાયલ પણ થયા છે, જેમને પોલીસે બચાવ બાદ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પોલીસે તમામ મૃતદેહોને પોતાના કબજામાં લઈ તપાસ શરૂ કરી છે. સીએમ યોગી આદિત્યનાથે આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટના બિજનૌર જિલ્લાના ધામપુર પોલીસ સ્ટેશનના હરિદ્વાર-કાશીપુર નેશનલ હાઈવે પર સ્થિત ફાયર સ્ટેશન નજીક શુક્રવારે રાત્રે લગભગ ૨ વાગ્યે બની હતી.




## ન્યૂઝ બ્રિફ

### માઁ કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ જેવી યોજનાઓમાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસની માગ

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં પરિવારની જાણ બહાર ૧૯ જેટલા લોકોના ઓપરેશન કરવામાં આવ્યા હતા અને બે લોકોની તમામ મૃત્યુ થઈ હતી અને સાત લોકોને આઈસીયુમાં એડમિટ કરવા પડ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર પ્રકરણમાં જાણવા મળ્યું કે મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ જેવી યોજનાઓનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દા પર આજે આમ આદમી પાર્ટી દ્વારા કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આયોજન પત્ર સોંપવામાં આવ્યું હતું. આ મુદ્દે 'આપ' સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણીએ જણાવ્યું હતું કે, PMJY યોજના અંતર્ગત કામ કરતી હોસ્પિટલો દ્વારા Ma Card માંથી તો પૈસા લેવાય છે પરંતુ ઘણી બધી હોસ્પિટલો દ્વારા દર્દી પાસેથી ઉપરથી કેશ પણ લેવામાં આવે છે, તો આની સંપૂર્ણ તપાસ કરી હોસ્પિટલ અને ડોક્ટરને કડક સજા થવી જોઈએ. ઘણી બધી હોસ્પિટલનું PMJY Card નું Payment રેગ્યુલર આવે છે, અને ઘણી બધી હોસ્પિટલનું Payment ઘણા લાંબા સમય સુધી આવતું નથી, તો આવું કેમ થાય છે, એની તપાસ થવી જોઈએ. સરકારી હોસ્પિટલોમાંથી ઈલાજ મફત કરવામાં આવે છે, તો Ma Card માં શા માટે ઓપરેશન કરવામાં આવે છે..? વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ પણ જણાવ્યું હતું કે, ગુજરાતમાં PMJY Card હેઠળ ઓપરેશન કે ઈલાજ થતો હોય તો એ બંધ થવું જોઈએ અને સંપૂર્ણ તપાસ કરી કડક સજા થવી જોઈએ. પાલિકામાં વિપક્ષના દંડક રચનાબેન હિરપરાએ પણ માંગ કરી હતી કે, ગુજરાતની સાડા છ કરોડ જનતાને મફત ઈલાજ મળી શકે તે માટે દરેક સરકારી હોસ્પિટલમાં સાધનો, પૂરતા પ્રમાણમાં ડોક્ટરો અને દરેક તાલુકા વાઈસ સંપૂર્ણ સુવિધા વાળી ૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવી જોઈએ જેમાં દરેક બિમારીનો મફત ઈલાજ થવો જોઈએ.

### અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર અકસ્માત થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતમાં બે મોટા અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગાલદર પાસે નેશનલ હાઈવે પર એક કાર બ્રિજ પરથી પડી ગઈ હતી, જેમાં શામળાજી મંદિરેથી પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં એક મહિલા, બે પુરૂષ અને એક છોકરીનો સમાવેશ થાય છે. ટીંટોઇ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. મૃતકોને પોસ્ટમોર્ટમ માટે શામળાજી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતકો નડિયાદ વિસ્તારના છે. અન્ય એક ઘટનાની વાત કરીએ તો અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર આજે સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકોના મોત થયા હતા. હાંસોટ તાલુકાના શેરા ગામ પાસે પૂરપાટ ઝડપે પસાર થતી કાર ઝાડ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં મુસાફરી કરી રહેલા બે લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા થતાં સારવાર માટે મોકલવામાં આવ્યો હતો. જો કે તેનું પણ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ભાવનગરના ત્રણ યુવાનો વહેલી સવારે કારમાં સુરત જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. ઘટનાની જાણ થતાં જ હાંસોટ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. વહેલી સવારે કાર ચાલક નીચે પડી જવાને કારણે આ અકસ્માત થયો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો કે પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## મહીસાગરઃ સંતરામપુરમાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલને આઇકોનિક સર્કલ બનાવવાનું કામ શરૂ



આ સર્કલ ભારતની નવીન બનેલ સંસદ ભવનના થીમ પર થશે તૈયાર; ધોલપુરી પથ્થર પરકોતરણી બનાવાશે માળખું.

### સુરત નશામાં ધૂત કોર્પોરેશન ઓફિસરે સર્જ્યો અકસ્માત

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતમાં નશામાં ધૂત મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસર નીલંગ ગાયવાલાએ અકસ્માત સર્જ્યો હતો. પૂરપાટ ઝડપે કાર ચલાવતી વખતે તેણે પહેલા એક કારને ટક્કર મારી. ત્યારબાદ કારના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા તેણે ડિવાઈડર તોડીને કારને ખોટી દિશામાં લઈ ગયો હતો. અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જ્યારે કોઈ રીતે પરિવારને સમગ્ર મામલાની માહિતી મળી તો પોલીસ પહોંચે તે પહેલા જ તેઓએ તેનો પીછો કર્યો. જોકે, બાદમાં પોલીસે મહાનગરપાલિકાના અધિકારીને પકડી લીધો હતો. અકસ્માત સર્જનાર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી ૭મા ઝોનમાં મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. નશામાં ધૂત આ અધિકારી અડાજણ વિસ્તારમાંથી પસાર થતા સમયે અકસ્માતનો ભોગ બન્યો હતો. અકસ્માત એટલો વિચિત્ર હતો કે કાર ડિવાઈડર તોડીને રોડની બાજુમાં પાર્ક કરેલી કાર સાથે અથડાઈને ખોટી દિશામાં ગઈ હતી.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અંગે જાહેરાત કરી

## જાહેર રસ્તા પર ગંદકી કરશો AMC ઘરે મોકલશે ઈ-મેમો

### થુકબાજો પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે CCTVના માધ્યમથી બાજ નજર રાખાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદમાં હવે જાહેર રોડ પર ગંદકી કરવી ભારે પડશે. જાહેર રસ્તા પર પાન મસાલા ખાઈને થૂંકવા અને જાહેરમાં કચરો નાખશો તો AMC કાયદાકીય પગલા લેશે. શહેરમાં ઠેર- ઠેર થતી ગંદકીને અટકાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ અંગે જાહેરાત કરી છે. અમદાવાદમાં હવે જાહેર રોડ પર ગંદકી કરવી ભારે પડશે. જાહેર રસ્તા પર પાન મસાલા ખાઈને થૂંકવા અને જાહેરમાં કચરો નાખશો તો AMC કાયદાકીય પગલા લેશે. શહેરમાં ઠેર- ઠેર થતી ગંદકીને અટકાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ અંગે જાહેરાત કરી છે. થુકબાજો પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન CCTVના માધ્યમથી બાજ નજર રાખશે.



તેમજ ગાડીનંબર પરથી વ્યક્તિના ઘરે ઈ – મેમો ઘરે મોકલશે. રોડ પર જાહેરમાં થુંકતા લોકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મળતી માહિતી અનુસાર પહેલીવાર જાહેરમાં થુંકનાર સામે ૧૦૦ રુપિયાનો દંડ વસૂલ કરવામાં આવશે. જો આપણે આંકડાની દ્રષ્ટીએ વાત કરીએ તો વર્ષ ૨૦૨૩ -૨૪માં AMCએ ૪,૭૪૯ થુકબાજો સામે કેસ કર્યા હતા. મસાલા ખાઈ થુંકતા લોકોને સીસીટીવી મારફતે મેમો આપી ઘરે જઈ કાર્યવાહી હાથ કરવામાં આવશે.

### ગાંધીનગરના શેરથા ગામના લોકોને પણ સારવારના નામે બનાવ્યા શિકાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદની કુખ્યાત ખ્યાતિ હોસ્પિટના કાળા કારસ્તાન એક બાદ એક સામે આવી રહ્યા છે. ફ્રી કેમ્પના નામે સારવાર માટે અમદાવાદ બોલાવી નાણા કમાવાનો જાણે ખ્યાતિએ વ્યવસાય બનાવી દીધો હતો. ફ્રી મેડિકલ કેમ્પ યોજી PMJAY દ્વારા દર્દીઓની જાણ બહાર સારવાર કરી નાણા કમાવવાના કૌભાંડમાં ખ્યાતિ હોસ્પિટલની મુખ્ય ભૂમિકા હાલ સામે આવી છે. ખ્યાતિ હોસ્પિટલના આ કારનામા માત્ર મહેસાણા જિલ્લા પૂરતા સિમિત નથી પરંતુ તેનુ કૌભાંડ રાજ્ય વ્યાપી ફેલાયેલુ છે તેમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. ખ્યાતિ હોસ્પિટલે મહેસાણાના કડીની જેમ જ ગાંધીનગરના શેરથા ગામના ભોળા ગ્રામજનોને પણ ડર બતાવી જરૂર ન હોવા છતા એન્જિયોપ્લાસ્ટી કરી સ્ટેન્ડ મુક્યા હતા.

## મહેસાણામાં PMJAYમાં કૌભાંડ કરનારી હોસ્પિટલોને નોટિસ

। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।

મહેસાણામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં છેતરપિંડી કરનાર હોસ્પિટલ સામે સરકારે કડક કાર્યવાહી હાથ ધરી છે. ૧૫ હોસ્પિટલોને નોટિસ પાઠવવામાં આવી છે. દર્દીના રિપોર્ટ સહિત પૈસા લેનાર ચાર હોસ્પિટલો પાસેથી ૫ ગણો દંડ વસૂલવામાં આવશે. આયુષ્માન કાર્ડ હોવા છતાં લાયન્સ હોસ્પિટલે દર્દી પાસેથીં ઝેં માટે ચાર્જ વસૂલ્યો હતો. પરિણામે, કડીની ભાગ્યોદય જનરલ હોસ્પિટલ પાસેથી ૧,૧૦, ૪૧૦ રૂપિયા અને મહેસાણાની લાયન્સ જનરલ હોસ્પિટલ પાસેથી ૬૫, ૪૩૫ રૂપિયા દંડ વસૂલવામાં આવશે. વિસનગરની નૂતન હોસ્પિટલ પાસેથી ૪૫૮૫૦ અને મહેસાણાની શકુંજ હોસ્પિટલ પાસેથી ૫૭,૦૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવશે. આ સાથે ટીબી હોસ્પિટલ વિજાપુર, યશ હોસ્પિટલ વિજાપુર, દુર્વા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ વિજાપુર, મા ઉમા હોસ્પિટલ ઊંઝા, પંચશીલ હોસ્પિટલ કડી, વાઈબ્રન્ટ હોસ્પિટલ મહેસાણા, એપલ હાર્ટ હોસ્પિટલ મહેસાણા, શૈશવ હોસ્પિટલ ખેરાલુ, શંકુઝ હોસ્પિટલ મહેસાણા, ક્રિષ્ના હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી છે. હોસ્પિટલ વિસનગર, કેબી હોસ્પિટલ બહુચરાજી, ગેલેક્સી હાર્ટ હોસ્પિટલ મહેસાણા, ભાગ્યોદય જનરલ હોસ્પિટલ અને સોહમ સર્જીકલ હોસ્પિટલ કડી અને લાયન્સ જનરલ હોસ્પિટલ અને વિસનગરની નૂતન જનરલ હોસ્પિટલને પણ નોટિસ ફટકારવામાં આવી છે. અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલકાંડ બાદ રાજ્ય સરકાર પણ એક્શનમાં આવી છે. મળતી જાણકારી અનુસાર, ગુજરાત સરકારે નિર્ણય લીધો છે કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંલગ્ન હોસ્પિટલો હવેથી રાજ્યમાં મેડિકલ કેમ્પ યોજી શકશે નહીં. અને જો કોઈ હોસ્પિટલ આવી કોઈ પ્રવૃત્તિ કરતી જણાશે તો તેની સામે કડક પગલા લેવામાં આવશે. રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળની તબીબી સેવાઓની શાખાએ જાહેર કરેલા પત્ર અનુસાર આવાં કોઈ મેડિકલ કેમ્પને સરકાર દ્વારા પ્રોત્સાહન અપાતું નથી અને તેમને આવાં કેમ્પ યોજવાના રહેતાં નથી. આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ અને યોજના સાથે સંકળાયેલી હોસ્પિટલોને ઉદ્દેશીને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, આ નિયમને તમામે ગંભીરપણે પાળવાનો રહેશે.રાજ્યના આરોગ્ય વિભાગના ધ્યાને આવ્યું છે કે, આ યોજના સાથે સંકળાયેલી કેટલીક હોસ્પિટલો દર્દીઓને શોધવા અને તેમના પર ઓપરેશન કરી યોજના હેઠળ સરકાર પાસેથી પૈસા પડાવવાના આશયથી આવા મેડિકલ કેમ્પ યોજે છે અને ગરીબ દર્દીઓને શિકાર બનાવે છે.

### GIFT IFI જાન્યુઆરી ૨૦૨૫માં ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરશે

## GIFT Cityએ GIFT IFI અને ફિનટેક ઇક્યુબેટર અને એક્સીલરેટર લોન્ચ કર્યું

### આ પ્લેટફોર્મ ફિનટેક શિક્ષણ, ઇનોવેશન અને સ્ટાર્ટ-અપની વૃદ્ધિ માટે ગ્લોબલ સેન્ટર બનવાની GIFT Cityની સફરમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

આ પહેલ ફિનટેક લેન્ડસ્કેપને મજબૂત કરશે તથા ફાઈનાન્સિયલ ટેક્નોલોજી માટે પસંદગીના આંતરરાષ્ટ્રીય હબ બનવા તરીકે GIFTની સ્થિતિને મજબૂત કરશે. GIFT IFIનું સંચાલન અમદાવાદ યુનિવર્સિટી, IIT ગાંધીનગર અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, સાન ડિઆગોનું કન્સોર્ટિયમ કરશે. GIFT IFI જાન્યુઆરી ૨૦૨૫માં ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરશે, જે પ્રોફેશનલ્સને આધુનિક ફાઈનાન્સિયલ સેક્ટર માટે જરૂરી ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબના કૌશલ્યોથી સજ્જ કરશે. આ ઈન્સ્ટિટ્યૂટ આગામી પેઢીને વૈશ્વિક ફાઈનાન્સમાં કારકિર્દીના ઘડતર માટે જરૂરી ક્ષમતાઓ પૂરી પાડશે. તેની સાથે GIFT IFIH આવશ્યક સંસાધનો, નિષ્ણાંતોનું માર્ગદર્શન તથા સ્ટાર્ટ-અપ્સને નેટવર્કિંગની તકો પૂરી પાડવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. તેનાથી તેઓ સ્પર્ધાત્મક ફિનટેક લેન્ડસ્કેપમાં સફળતા હાંસલ કરી શકશે. આ પહેલ પાછળ GIFT Cityના વિઝનને રજૂ કરતા GIFT Cityના MD અને ગ્રુપ સીઈઓ તપન રે એ જણાવ્યું હતું કે "GIFT IFI અને GIFT IFIનું લોન્ચિંગ એ વિવિધ ઈનોવેટર્સને સપોર્ટ કરે તથા ભારતને ફિનટેક લીડર તરીકે સ્થાપે તેવી ગ્લોબલી-કનેક્ટેડ, સક્ષમ ઈકોસિસ્ટમ ઊભી કરવા તરફની GIFT Cityના પ્રયાસોમાં એક મહત્વની સિદ્ધિ છે." આ પહેલ વાઈબ્રન્ટ અને સમાવેશક ઈકોસિસ્ટમની રચના કરશે, જે ફિનટેક ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપશે, જેનાથી ભારતનું ફિનટેક સેક્ટર મજબૂત બનશે. કુશળતા વધારવા, રિસર્ચ સપોર્ટ અને સ્ટાર્ટ-અપ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગિફ્ટ સિટીનું લક્ષ્ય રોજગારીમાં વૃદ્ધિ, વર્કફોર્સ પ્રોડક્ટિવિટી અને ફાઈનાન્શિયલ ટેક્નોલોજીમાં ટેક્નોલોજીકલ પ્રગતિમાં યોગદાન આપવાનો છે. GIFT IFI અને GIFT IFIH વિવિધ નિર્ણાયક લક્ષ્યાંકોને પહોંચી વળવા માટે ખાસ તૈયાર કરવામાં આવ્યા છે જે ભારતમાં ફિનટેક સેક્ટરને આકાર આપશે. પહેલા તે આંતરરાષ્ટ્રીય ઉદ્યોગના ધોરણો સાથે સંલગ્ન ટ્રેનિંગ પ્રોગ્રામ્સ ઓફર કરશે અને સ્ટાર્ટ-અપ ઈક્યુબેશન અને એક્સીલરેશન માટેનો માહોલ ઊભો કરશે.

### સાણંદ વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા હતા

## ઉદેપુર-અમદાવાદ ટ્રેનમાંથી તેમજ સાણંદમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

### ટ્રેનમાંથી ૭૭૦ લીટર દેશી દારૂ સાથે ૨.૫૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના અસારવા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી દેશી દારુ ઝડપાયો છે. ઉદેપુર - અમદાવાદ ટ્રેનમાં ગાંધીનગર જીસ્ઝની ટીમે તપાસ હાથ ધરતા દેશી દારુનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે ૩ લોકોની ધરપકડ કરી છે.રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે અમદાવાદના અસારવા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી દેશી દારુ ઝડપાયો છે. ઉદેપુર – અમદાવાદ ટ્રેનમાં ગાંધીનગર SMCની ટીમે તપાસ હાથ ધરતા દેશી દારુનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે ૩ લોકોની ધરપકડ કરી છે. તેમજ ૭ લોરો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ટ્રેનમાંથી ૭૭૦ લીટર દેશી દારુ સાથે ૨.૫૧ લાખ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાણંદમાંથી ઝડપાયો લાખો રુપિયાનો દારુ ! બીજી તરફ આ અગાઉ અમદાવાદના સાણંદ વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા હતા. સાણંદના ભાટિયાવાસમાં ખુલ્લી જાહેર જગ્યા અને ઘરમાં દરોડા પાડ્યા હતા. મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ભૂપત ઠાકોરના મકાન અને ખુલ્લી જગ્યામાંથી દારૂનો જથ્થો મળ્યો હતો. ૨.૫૦ લાખથી વધુ કિંમતની દારૂની ૬૪૪ બોટલો મળી આવી હતી. દારૂના જથ્થા, બાઈક સહિત ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ સમાજના આસ્થાનું કેન્દ્ર એવા શબરી ધામની મુલાકાત લીધી

। (માહિતી) ડાંગ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડાંગ જિલ્લાના પ્રખ્યાત આસ્થા કેન્દ્ર, "શબરી ધામ"ની મુલાકાત લઈને પૂજા અર્ચના કરી. આ પવિત્ર યાત્રાધામ આદિજાતિ સમાજ માટે વિશેષ મહત્વ ધરાવતું સ્થળ છે, જ્યાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને માતા શબરીના મંત્રમુગ્ધ કરનાર દર્શન થયાં હતા. આ પ્રસંગે આશ્રમ શાળાની બાળાઓએ મુખ્યમંત્રીશ્રીને કુમ કુમ તિલક કરી સ્વાગત કરી ઉલ્લાસભેર આવકારાયા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ શ્રદ્ધાપૂર્વક શ્રીરામ, લક્ષ્મણજી અને શબરી માતાના દર્શન કરી પુજા અર્ચના કરી હતી. ઉપરાંત ભગવાન બિરસા મુંડા અને આદિજાતિ દેવી દેવતાઓની પણ પૂજા-આરતી કરી હતી. મુખ્યમંત્રીએ પ્રાચીન મરાઠા શૈલીમાં નિર્મિત શબરી ધામના મંદિર પરિસરમાં પ્રવેશ કરીને






માતા શબરીજી તથા ભગવાન શ્રીરામના ચરિત્ર અને આસ્થાનું મૂર્તિમંત સ્વરૂપ જાણવું મહત્વપૂર્ણ માન્યું. માતા શબરીની કૃપા અને સમર્પણની આ જગ્યા માટે રાજ્ય સરકારે યાત્રાધામના વિકાસ માટે વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. આ અવસરે મુખ્યમંત્રીએ કહ્યું કે, "શબરી ધામ માત્ર યાત્રાધામ નથી, પરંતુ આસ્થાનું મૂર્ત સ્વરૂપ છે. આ સ્થળ પર માતા શબરી અને ભગવાન રામની પ્રાચીન કથા આજે પણ જીવંત છે અને સમાજને પરોપકાર અને પવિત્રતાની પ્રેરણા આપે છે." શબરી ધામના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યાં છે, જેમાં યુવાનો અને પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે આધુનિક સુવિધાઓ અને પર્યટન વિકાસની યોજનાઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ યાત્રાધામના આધુનિકીકરણ અને સુવિધાઓમાં વધારો કરવા માટે વિસ્તૃત યોજના બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. શબરી ધામની આ મહત્વપૂર્ણ મુલાકાતે મુખ્યમંત્રીએ સમાજના આગેવાનો અને આદિજાતિ સમાજના પ્રતિનિધિઓ અને મંદિરના ટ્રસ્ટીઓ સાથે ચર્ચા કરી અને સામાજિક તથા આધ્યાત્મિક એકતાને મજબૂત બનાવવા માટે સહકાર અને વિકાસ માટેની દિશામાં નિશ્ચિત પ્રયાસોનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતે શ્રી શબરીમાતા સેવા સમિતિ, શબરીધામના ટ્રસ્ટીઓ દ્વારા આયોધ્યાથી શ્વેત રંગની રામજીની પ્રતિમા લાવી પ્રસ્થાપતિ કરવામાં આવાની છે, જેની ચર્ચા મુખ્યમંત્રીશ્રી સાથે કરી હતી. આ અવસરે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઇ ડીંડોર, લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, સ્વામી અસિમાનંદજી સહિત શબરીમાતા સેવા સમિતિના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિન્દુસ્તાન ટાઇમ્સ લીડરશિપ સમિટ ૨૦૨૪માં હાજર રહ્યા હતા.

### કોઈ SC-ST નહીં બધા હિન્દુ જ છે

# જાતિ નહીં આર્થિક આધારે અનામત આપે સરકાર : રામભદ્રાચાર્યની માંગ

## જયપુરમાં કથા કહેવા આવેલા જગદગુરુ સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે અમે સવર્ણ સમાજમાં જન્મ લઈને કોઈ પણ પાપ કર્યું નથી

। (એજન્સી) જયપુર, તા.૧૬ ।

જયપુરમાં કથા કહેવા આવેલા જગદગુરુ સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે સરકારે જાતિના આધારે અનામત ખતમ કરીને આર્થિક આધારે આપવી જોઈએ અને આ ટૂંક સમયમાં થવાનું છે. અમે સવર્ણ સમાજમાં જન્મ લઈને પાપ કર્યું નથી. ૧૦૦ ટકા મેળવીને સવર્ણનું બાળક જૂતા સીવે અને ચાર ટકા લાવીને એસસીનું બાળક નોકરી મેળવે. આને ખતમ કરવું જ પડશે અને આ થશે જ. કોઈ SC, ST, OBC નહીં બધા હિંદુ એક છે, બધાં ભારતીય એક છે. આર્થિક આધારે અનામત કરી દો. ત્યારે આ જાતિ વાળું ગૃહ યુદ્ધ આપમેળે ખતમ થઈ જશે. સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું, બ્રાહ્મણ મુખથી નીકળ્યા છે, ક્ષત્રિય હાથથી, વૈશ્ય જાંઘથી અને શુદ્ર ચરણથી. ચરણ પર માથું ઝૂકે છે તો તે અપવિત્ર કેવી રીતે થઈ ગયું. હિન્દુઓમાં કોઈ અછૂત નથી. દેશમાં ૮૦ ટકા હિન્દુ કરવા પડશે પછી તમામ સમસ્યા ખતમ થઈ જશે. રામભદ્રાચાર્યએ



રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માની સામે કહ્યું, જાણો છો જ્યારે મુખ્યમંત્રીની ચર્ચા ચાલી રહી હતી કે રાજસ્થાનના સીએમ કોણ બનશે તો મે ઉપર વાત કરી અને કહ્યું કે રાજસ્થાનના મુખ્યમંત્રી બ્રાહ્મણને બનાવો. તમામે કહ્યું કે કેવી રીતે શક્ય બનશે? વસુંધરાજી કેવી રીતે માનશે? ત્યારે મે કહ્યું કે તેમના જ મોઢે કહેવડાવો અને આ રીતે મારી સમજથી રાજસ્થાનને પહેલા બ્રાહ્મણ મુખ્યમંત્રી મળ્યા.' આ અવસરે જગદગુરુ રામભદ્રાચાર્યએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવાની પણ અપીલ કરી.

## ન્યૂઝ બ્રિફ

### ૩૦ હજાર યુવાનોની ભીડ સેનાની ભરતી રેસ માટે પટના પહોંચી, મોકો ન મળતાં હંગામો મચાવ્યો



। (એજન્સી) પટણા, તા.૧૬ ।

પટના જિલ્લાના દાનાપુરમાં સેનાની ભરતી માટે રેસનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેસમાં ભાગ લેવા શનિવારે યુવાનોની ભારે ભીડ પહોંચી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે દાનાપુરમાં ચાલી રહેલી રેસમાં ભાગ લેવા માટે બિહારના વિવિધ જિલ્લાઓમાંથી લગભગ ૩૦ હજાર યુવાનો પહોંચ્યા હતા. જો કે રેસ માટે યુવાનોની ક્ષમતા કરતા વધુ ભીડ હોવાના કારણે દરેકને તક મળી શકી ન હતી. રેસમાં ભાગ લેવાની તક ન મળતા યુવાનોએ હંગામો પણ મચાવ્યો હતો. આ પછી પોલીસે તોફાની યુવાનો પર હળવો બળપ્રયોગ પણ કર્યો હતો. ખરેખર, પટનાના દાનાપુરમાં સેનાની ભરતી માટે રેસ ચાલી રહી છે. આજે રેસનો પાંચમો દિવસ શનિવાર હતો. દરમિયાન પાંચમા દિવસે સેનાની ભરતી માટે મોટી સંખ્યામાં યુવાનો પહોંચ્યા હતા. યુવાનોની ભારે ભીડને જોતા મોટાભાગના લોકોને રેસમાં ભાગ લેતા અટકાવવામાં આવ્યા હતા. રેસમાં સામેલ ન થતાં ઉમેદવારોએ સૈનિક ચોકમાં હંગામો મચાવ્યો હતો. અહીં એકઠા થયેલા યુવાનોએ રેસની માંગણી કરી અને ચોક બ્લોક કરી દીધો.

### મણિપુરના જીરીબામમાં કોના 3 મૃતદેહો મળ્યા બાદ ઇમ્ફાલ ખીણમાં ફરી પ્રદર્શન



। (એજન્સી) ઇમ્ફાલ, તા.૧૬ ।

મણિપુરના જીરીબામ જિલ્લામાં ત્રણ લોકોના મૃતદેહ મળ્યા બાદ શનિવારે ઈમ્ફાલ ખીણના વિવિધ ભાગોમાં સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તમને જણાવી દઈએ કે મણિપુર-આસામ બોર્ડર પર જીરી નદી અને બરાક નદીના સંગમ નજીકથી ૩ મૃતદેહ મળી આવ્યા છે.અધિકારીઓને શંકા છે કે જીરીબામ જિલ્લામાંથી ગુમ થયેલા છ લોકોમાંથી ત્રણ લોકોના મૃતદેહો છે, જો કે હજુ સુધી તેની પુષ્ટિ થઈ નથી. પોલીસે જણાવ્યું કે પ્રદર્શનકારીઓમાં મોટાભાગની મહિલાઓ હતી. તેઓએ ક્વાકેથેલ વિસ્તાર અને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સગોલબંદ તેરામાં વાહનોની અવરજવરને રોકવા માટે ટાયર સળગાવીને મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા, પોલીસે જણાવ્યું કે મહિલા દુકાનદારોએ ઘટનાના વિરોધમાં મણિપુરના મુખ્ય બજાર ખ્વાઈરમબંધમાં રેલી કાઢી હતી, જ્યારે ઈમ્ફાલમાં ભારે સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. જિરીબામમાં ૩ મૃતદેહો મળ્યાના સમાચાર ફેલાતાં જ લોકોએ દુકાનો અને બજારો બંધ કરી દીધા. પોલીસે જણાવ્યું કે મહિલા દુકાનદારોએ ઘટનાના વિરોધમાં મણિપુરના મુખ્ય બજાર ખ્વાઈરમબંધમાં રેલી કાઢી હતી.

# કેટલું કામ કર્યું તેના ઉપર વાત કરોઃ નીતિન ગડકરી

## અમે સખત મહેનત કરી રહ્યા છીએ અને હું માનું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં કામ કર્યું છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ચૂંટણી પહેલાં જ ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી મહાયુતિની જીત થવાનો દાવો કર્યો છે. નીતિન ગડકરીએ નિવેદન આપ્યું કે, અમે સખત મહેનત કરી રહ્યા છીએ અને હું માનું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં જે રીતે કામ કર્યું છે અને શિંદેજીના નેતૃત્વમાં સરકારે જે કામ કર્યું છે તે બંનેના પરિણામોએ અમને ચોક્કસપણે સફળતા મળશે અને અમે ચૂંટણી જીતીશું. ગડકરીએ જણાવ્યું કે, મહારાષ્ટ્રમાં મહાયુતિની સ્પષ્ટ જીત દેખાઈ રહી છે. મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓની સકારાત્મક અસરો થઈ છે. ૨૩ તારીખે અમને અમારી તાકાત પર સ્પષ્ટપણે બહુમતી મળશે. ગુજરાતી વિરુદ્ધ મરાઠીના પ્રશ્ન પર ગડકરીએ કહ્યું કે મીડિયા આવા મુદ્દાઓ બનાવે છે. પૂછીને વિવાદ ઊભો કરે છે. જો કોઈ નેતા આવું કહે તો તેનો સાથ છોડી દેવો જોઈએ. ચૂંટણી વચન શું છે, કામગીરીના મુદ્દા શું છે, આની ચર્ચા થવી જોઈએ? બાકી આ તમામ વિષય સંબંધિત નથી. તેમણે કહ્યું



કે લાડલી બહેન યોજનાનો લાભ મળશે. આ અંગે મહિલાઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે અને મને લાગે છે કે આ યોજનાને સારો ફાયદો થશે. ગડકરીએ ઔવેસીના નિવેદનો પર પણ પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. સીએમ યોગીના 'બટેંગે તો કટેંગે'ના નિવેદન પર ગડકરીએ કહ્યું કે મારી સમજ પ્રમાણે આપણે જાતિ, ધર્મ, ભાષા અને લિંગના આધારે વિભાજિત થવું જોઈએ નહીં. આપણે એક રહેવું જોઈએ. આપણે ભારતીય છીએ અને આપણે સંગઠિત રહેવું જોઈએ અને આ તેમનો સંદેશ છે. તેમણે કહ્યું કે અમે અલગ-અલગ પક્ષ સાથે ગઠબંધન કર્યું છે. અને એક જ પક્ષ બની એક જ અવાજમાં બોલીએ ચીએ. દરેક પક્ષનો અલગ અંદાજ છે. એકંદરે, આપણે બધા મહારાષ્ટ્રમાં મહાગઠબંધનના ચૂંટણીમાં સાથે મળીને જીતીશું. જો અમારા ગઠબંધનના સાથીઓ દરેક મુદ્દા પર સહમત થયા હોત, તો અમે એક પક્ષ હોત. અમારી ગઠબંધન સરકારની કામગીરી ચૂંટણીનો વિષય છે અને મોદીજીની સરકાર અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ કામનો વિષય છે, તેના પરિણામો સારા જ મળશે. અમે ચૂંટણી જીતીશું. કટ્ટર હિંદુત્વ નહીં પણ સરકારનું પ્રદર્શન અને કામ ચૂંટણીનો મુદ્દો બનશે અને અમે તેના પર ચૂંટણી જીતીશું. વિકાસના મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. ઉદ્ધવ ઠાકરે સાથે પોતાના સંબંધો અંગે ગડકરીએ કહ્યું કે મારા શ્રેષ્ઠ સંબંધો છે. રાજકારણમાં અમે એકબીજાના દુશ્મન નથી. અમારી વચ્ચે મતભેદ હોઈ શકે છે પણ અમે એકબીજાના દુશ્મન નથી. અમે ચોક્કસપણે વિચારોના આધારે એકબીજાની વિરુદ્ધ હોઈ શકે છે. ઉદ્ધવ ઠાકરેના શપથ અને ભાજપના કાર્યકર્તાઓને સાથે આવવાની અપીલના પ્રશ્ન પર ગડકરીએ કહ્યું કે દરેક પક્ષ ચૂંટણીમાં દરેકને અપીલ કરે છે. હું કોંગ્રેસના મતદારોને પણ કહું છું કે મને મત આપો.

### યુપીમાં ફરી રાજકીય ગરમાવો!

# યોગીના નારા બટેંગે તો કટેંગે અંગે કેશવ પ્રસાદ મૌર્યનું સૂચક નિવેદન

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશમાં સીએમ યોગી આદિત્યનાથના નારાથી રાજકારણ ગરમાયું છે. આજે કાનપુરની સભામાં સીએમ આદિત્યનાથે ફરી એક વખત બટેંગે તો કટેંગેના નારાનો ઉલ્લેખ કર્યો હતો.બીજી તરફ મંઝવા પેટા ચૂંટણીના પ્રચાર બાદ એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે,હું મુખ્યમંત્રીના 'બટેંગે તો કટેંગે'નિવેદન પર કોઈ ટિપ્પણી કરવા નથી માગતો. કેશવ મૌર્યએ કહ્યું કે, હું એ નથી જાણતો કે, મુખ્યમંત્રીએ કયા સંદર્ભમાં આ વાત કરી છે, તેથી હું કોઈ ટિપ્પણી નહીં કરીશ. પરંતુ વડા પ્રધાને આપેલ 'સબકા સાથ સબકા વિકાસ' અને એક હૈ તો સેફ હૈ નારો જ અમારો નારો છે. તેમણે આગળ કહ્યું કે, 'મુખ્યમંત્રીએ જે પણ કહ્યું છે તે કંઈક વિચારીને જ કહ્યું હશે. હું નથી જાણતો કે, તેમણે આ વાતો



કયા સંદર્ભમાં કહી છે, પરંતુ તેના પર ટિપ્પણી કરવી મારા માટે યોગ્ય નથી.' સ્પષ્ટ રીતે કેશવ મૌર્યએ સ્પષ્ટપણે, બટેંગે તો કટેંગેના નારા પર ખુદને મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથની લાઈનથી અલગ રાખ્યા છે. ઝાંસીની હોસ્પિટલમાં બાળકોના મૃત્યુને અત્યંત દુઃખદ ગણાવતા કેશવ મૌર્યએ કહ્યું કે, આ ઘટનાથી અમને ઘણું દુઃખ થયું છે પરંતુ જો આ મામલે કોઈ બેદરકારી કે ભૂલ જોવા મળશે તો સરકાર કોઈને પણ છોડશે નહીં અને ખૂબ જ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સંજય રાઉતની પણ બેગ તપાસવામાં આવી

# ગૃહમંત્રી શાહ પછી હવે રાહુલ ગાંધી અને શરદ પવારના હેલિકોપ્ટરનું પણ ચેકિંગ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ભારતીય ચૂંટણી પંચના અધિકારીઓએ શનિવારે અમરાવતીમાં કોંગ્રેસ નેતા અને લોકસભા નેતા ઉમેદવાર રાહુલ ગાંધીના હેલિકોપ્ટરની તપાસ કરી હતી. હવે રાયગઢમાં એનસીપીના વડા શરદ પવારના હેલિકોપ્ટરની તપાસ થઈ હતી. તેમજ નાસિકમાં શિવસેના જૂથના નેતા સંજય રાઉતના બેગની પણ તપાસ કરવામાં આવી હતી. મીડિયા સૂત્રો અનુસાર, રાહુલ ગાંધી અમરાવતીના ધામનગાંવ રેલવેના હેલીપેડ પર પહોંચ્યા ત્યારે ચૂંટણી પંચના અધિકારીએ તેમના હેલિકોપ્ટરની તપાસ કરવાની સાથે તેમની બેગ પણ તપાસી હતી. અગાઉ શુક્રવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ચૂંટણી પ્રચાર પહેલાં હિંગોલીમાં ચૂંટણી પંચના અધિકારીઓએ તેમની બેગ તપાસી હતી. આ અંગે પ્રતિક્રિયા



આપતાં શાહે કહ્યું કે, ચૂંટણી પંચ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરતાં નેતાઓની બેગ ચકાસી રહ્યા છે. ભાજપ નિષ્પક્ષ અને સ્વસ્થ ચૂંટણી પ્રણાલીનો વિશ્વાસ કરે છે. તે તમામ નિયમોનું પાલન કરે છે. ચૂંટણી પંચના અધિકારીઓએ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરી રહેલાં નેતાઓની બેગ અને હોલિકોપ્ટરની તપાસ હાથ ધરી છે. જેમાં ૧૧ નવેમ્બરે શિવસેના (યુબીટી) વડા ઉદ્ધવ ઠાકરેની બેગ અને હેલિકોપ્ટરની તપાસે વિવાદનું સ્વરૂપ લીધુ હતું.

### ઈસરો અને ઈલોનની કંપની વચ્ચે ડિલ

# ભારતનું સૌથી એડવાન્સ સેટેલાઇટ લોન્ચ કરશે Space X



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય અવકાશ એજન્સી ISROએ દિગ્ગજ ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની Space X સાથે હાથ મિલાવ્યો છે. અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના મિત્ર મસ્કની કંપની Space X આગામી સપ્તાહની શરુઆતમાં ફાલ્કન ૯ રૉકેટથી ભારતના સૌથી આધુનિક સંચાર ઉપગ્રહ GSAT-20 (GSAT N-2)ને અંતરિક્ષમાં લઈ જવાનું કામ કરશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન (ISRO) અને Space X વચ્ચે અનેક ડિલ થઈ છે. GSAT-N2 અમેરિકાના કેપ કેનાવેરલથી લોન્ચ કરવામાં આવશે. આ 4700 કિલોગ્રામનો ઉપગ્રહ ભારતીય રૉકેટ માટે ખૂબ જ ભારે હતો, તેથી તેને ફોરેન કોમર્શિયલ લોન્ચ માટે મોકલવામાં આવ્યો હતો. ભારતનું પોતાનું રૉકેટ 'ધ બાહુબલી' અથવા લોન્ચ વ્હીકલ માર્ક-૩ મહત્તમ ૪૦૦૦થી ૪૧૦૦ કિલો વજનને અંતરિક્ષ કક્ષામાં લઈ જઈ શકતું હતું. ભારત અત્યાર સુધી પોતાના ભારે ઉપગ્રહોને લોન્ચ કરવા માટે એરિયનસ્પેસ પર નિર્ભર હતું, પરંતુ વર્તમાનમાં તેની પાસે કોઈ પણ ઑપરેશનલ રૉકેટ નથી અને ભારત પાસે જીંદ્રષ્ઠી ૮ સાથે જવાનો એકમાત્ર ભરોસાપાત્ર વિકલ્પ હતો. ચીનના રૉકેટ ભારત માટે અયોગ્ય છે અને યુક્રેનમાં સંઘર્ષને કારણે રશિયા તેના રૉકેટ કોમર્શિયલ લોન્ચિંગ માટે ઓફર કરવા માટે સક્ષમ નથી. ISROએ ૪૭૦૦ કિગ્રા વજન ધરાવતું GSAT-N2નું નિર્માણ કર્યું છે, અને તેની મિશન લાઇફ ૧૪ વર્ષ છે. આ એક સંપૂર્ણ કોમર્શિયલ લોન્ચ છે, જેનું સંચાલન NSIL દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉપગ્રહ ૩૨ યુઝર બીમથી સજ્જ છે, જેમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્ર પર આઠ સંકીર્ણ સ્પોટ બીમ અને બાકીના ભારતમાં ૨૪ વિસ્તૃત સ્પોટ બીમ સામેલ છે. આ ૩૨ બીમને ભારતની મુખ્ય ભૂમિમાં સ્થિત હબ સ્ટેશનો દ્વારા સપોર્ટ કરવામાં આવશે. તે ઈન-ફ્લાઈટ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સક્ષમ કરવામાં પણ મદદ કરશે. એવો અંદાજ છે કે 2C ભારતના સંચાર ઉપગ્રહને લઈ જવા માટે ફાલ્કન ૯ રૉકેટના આ એક જ સમર્પિત કોમર્શિયલ લોન્ચનો ખર્ચ ૬૦-૭૦ મિલિયન ડોલર (લગભગ ૫૯૧ કરોડ ૩૪ લાખ) થશે.



ઝારખંડના માધુપુરમાં ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે જાહેર સભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા.

### રિટાયરમેન્ટને લઈને આમિર ખાને કહી મોટી વાત

# જિંદગીનો ભરોસો નથી, કદાચ કાલે જ મરી જઉં : આમિરખાન

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

આમિર ખાને કહ્યું છે કે હવે મારી પાસે એક્ટિવ રહીને કામ કરવા માટે માત્ર ૧૦ વર્ષ બાકી છે. આ પછી હું નિવૃત્ત થઈ જઈશ. અભિનેતા પાસે હવે ઓછો સમય બચ્યો હોવાથી તે આ સમયનો સારી રીતે ઉપયોગ કરવા માંગે છે. આમિરની અગાઉની રિલીઝ 'લાલ સિંહ ચઢ્ઢા' હતી, જે વર્ષ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ થઈ, ત્યારબાદ તેણે એક્ટિંગમાંથી બ્રેક લીધો. જો કે, આમિર હવે ફિલ્મ 'સિતારે જમીન પર' ફિલ્મ માટે ચર્ચામાં છે. આમિર ખાને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, મેં મારી જિંદગીમાં ક્યારેય એક



સાથે છ ફિલ્મો નથી કરી. જેના અમુક કારણો હતા. આખરે જ્યારે મેં નક્કી કર્યું કે હું હજી ફિલ્મો નહીં છોડું, ત્યારે મને આગળનો વિચાર આવ્યો કે કદાચ આ મારા માટે કામ કરવા માટેના માત્ર ૧૦ વર્ષ બાકી છે. આ બાબતે આમિરે વધુમાં જણાવ્યું કે, જિંદગીનો કોઈ ભરોસો નથી, કાલે પણ મૃત્યુ આવી જાય. મારી પાસે આ રીતે એક્ટિવ થઈને કામ કરવા માટે માત્ર ૧૦ વર્ષ જ બચ્યા છે.

# તંત્રી લેખ...

## બાંગ્લાદેશી ઘૂસણખોરોને આદિવાસીઓની જમીન પર વસાવવામાં આવે છે

આસમ, બંગાળ અને ત્રિપુરામાં જ્યારે પણ ચૂંટણી આવે છે, ત્યારે અન્ય અનેક મુદ્દાની સાથે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો અવશ્ય ઉઠે છે. આ વખતે એવું ઝારખંડમાં પણ થયું. બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી વિધાનસભા ચૂંટણીઓમાં મોટો મુદ્દો બન્યો હતો. જ્યાં ભાજપે એના પર ભાર મૂક્યો બાંગ્લાદેશથી બંગાળના રસ્તે આવનારા બાંગ્લાદેશી ન માત્ર ઝારખંડની જનસંખ્યા બદલી રહ્યા છે, બલ્કે આદિવાસી યુવતીઓ સાથે લગ્ન કરી રહ્યા છે અને તેમની જમીન પણ હડપી રહ્યા છે, જ્યારે સત્તારૂઢ ઝારખંડ મુક્તિ મોરચાનુ માનીએ તો ભાજપ જે કંઈ કહી રહી છે તે સાચું નથી. ઝામુમો નેતાઓનું કહેવું છે કે જો બાંગ્લાદેશથી ઘૂસણખોરી થઈ રહી છે તો પછી જવાબદાર કેન્દ્ર સરકાર છે, કારણ કે સીમા સુરક્ષા તેની જ જવાબદારી છે. ખબર નહીં ઝારખંડની જનતાએ કોની વાતો માનીને મત આપ્યા, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે. બે વર્ષ પહેલાં ઝારખંડ હાઈકોર્ટમાં જમશેદપુરના સૈયદ દાનિયાલ દાનિશ તરફથી દાખલ કરવામાં આવેલ જનહિત અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સાહિબગંજ, પાકુડ, ગોડ્ડા, દુમકા, જામતાડા વગેરે જિલ્લામાં આદિવાસી આબાદી ઘટી રહી છે, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને આદિવાસીઓની જમીન પર વસાવવામાં આવે છે. વાસ્તવમાં ભાજપ બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને જે કંઈ કહી રહી છે, તે લગભગ એ જ છે જે દાનિશની અરજીમાં કહેવામાં આવ્યું છે. આ અરજી પર સુનાવણી કરતાં સપ્ટેમ્બરમાં ઝારખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવા માટે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓની એક તથ્ય શોધક કમિટી બનાવવામાં આવશે. ઝારખંડ સરકાર પહેલાં તો તેના માટે તૈયાર થઈ ગઈ, પરંતુ પાછળથી ફરી ગઈ અને હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો પક્ષ રજૂ કરવાનું કહ્યું છે. ખબર નહીં સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ એક સચ્ચાઈ છે કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી થાય છે. જો બંગાળના રસ્તે ઘૂસેલા બાંગ્લાદેશી ઝારખંડ આવીને વસી ગયા હોય તો આશ્ચર્ય નહીં. એમ પણ એ સત્ય છે કે ઝારખંડના આદિવાસી બહુલ વિસ્તારોમાં ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે.

## નેત્રંગ તાલુકાના કેલ્વીકુવા ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ સંવાદ

૧૫૦ થી વધુ ખેડૂતો સાથે ખાટલા પરિષદ યોજી રાજ્યપાલ શ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શિત કર્યા પ્રાકૃતિક ખેતી કરતા પાંચ ખેડૂતોનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરાયું ધરતીને ફળદ્રુપ બનાવવાનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે જો ખેડૂતો રાસાયણિક ખેતી નહીં છોડે તો આવનારી પેઢી માટે કંઈ નહીં બચે - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ભરૂચ જિલ્લા વહીવટી તંત્રની પ્રાકૃતિક કૃષિ ઉત્કર્ષ પહેલની નવીન પદ્ધતિને બિરદાવી સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરવાની નેમ વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ આજે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના કેલ્વિકુવા ખાતે ખેડુત શ્રી સતીષભાઈ રઘુવીરભાઈ ભક્તના ખેતરે પ્રકૃતિના ખોળે સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પ્રાકૃતિક ખેતી માટે ખાટલા - પરિષદ યોજી રાજ્યપાલ શ્રી એ ૧૫૦ જેટલા ખેડૂતો સાથે વાર્તાલાપ કરી પ્રાકૃતિક ખેતીથી થતાં ફાયદાઓ અંગે જરૂરી માર્ગદશન પુરું પાડ્યું હતું. આ તબક્કે, રાજ્યપાલશ્રીએ શ્રી પ્રાકૃતિક કૃષિ નિદર્શન - વેચાણ કેન્દ્રની પણ મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પેદાશો અને ખેડુતની પૃચ્છા કરી હતી. આ પ્રસંગે ખેડૂતો સાથેની વાતચીતમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી જે પાકોનું ઉત્પાદન થાય છે, એ માનવીના શરીર માટે ખુબ જ ઉત્તમ અને સ્વાસ્થ્યવર્ધક હોય છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, રસાયણિક ખેતીના કારણે જમીન બંજર થઈ રહી છે, પાણી દૂષિત થઈ રહ્યું છે અને મિત્ર જીવો વિલુપ્ત થઈ રહ્યા છે. જો ખેડૂતો રસાયણિક ખેતી નહીં છોડે તો, આવનારી પેઢીઓ માટે કંઈ નહીં બચે. આજકાલ કેન્સર, હૃદય રોગ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવી ગંભીર બિમારીઓ ઘરે-ઘરે છે. વૈજ્ઞાનિકોનું સંશોધન તો ત્યાં સુધી કહે છે કે, મા ના દૂધમાં પણ યુરિયાની માત્રા જણાઈ છે. આ સમસ્યાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી આવનારા સમયમા વરદાનરૂપ સાબિત થશે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ છે. જેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને એક સાથે અનેક પાક પદ્ધતિ. આનો યોગ્ય અને વ્યવસ્થિત, સંકલિત ઉપયોગ પર્યાવરણને બચાવવા માટે ઉપયોગી નીવડશે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવવા માટે સૌ પ્રથમ ખેડુતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ બંધ કરવો જોઈએ. દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલા જીવા મૃત કે ઘન જીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવું જોઈએ. પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ મુજબ સંપુર્ણ ખેતી કરવાથી લાંબા ગાળે સારા પરિણામો મળે છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. જેમાં નહીવત ઉત્પાદન ખર્ચ આવે છે અને બજારમાં વધારે ભાવ મળે છે. તેમજ પાણીની બચત થાય છે. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે. વધુમાં રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, જેમ જેમ આપણી ખેતી તેજસ્વી અને સમૃદ્ધ થશે તેમ તેમ આપણો દેશ પ્રગતિ કરશે. પ્રાકૃતિક ખેતી એ આર્થિક સફળતાનું સાધન છે. પૃથ્વી માતાની સેવા કરવા માટે આ એક ઉત્તમ માધ્યમ પણ છે. આજે જ્યારે તમે પ્રાકૃતિક ખેતી કરો છો, ત્યારે તમે ખેતી માટે જરૂરી સંસાધનો તેને લગતી પેદાશોમાંથી એકત્ર કરો છો, ગાય અને પશુધન દ્વારા જીવામૃત તૈયાર કરો છો, આનાથી ખેતી પાછળ થતો ખર્ચ ઓછો થાય છે. પશુધન આવકના વધારાના સ્ત્રોત પણ ખોલે છે. તેવી જ રીતે, જ્યારે તમે પ્રાકૃતિક ખેતી કરો છો, ત્યારે તમે ધરતી માતાની સેવા કરો છો. જ્યારે તમે પ્રાકૃતિક ખેતી કરો છો, ત્યારે તમે પ્રકૃતિ અને પર્યાવરણની પણ સેવા કરો છો. જ્યારે તમે કુદરતી ખેતીમાં જોડાઓ છો, ત્યારે તમને સ્વાભાવિક રીતે જ માતા ગાયની સેવા કરવાનું સૌભાગ્ય મળે છે.

**આજનાં સમાજના લોકોની સૌથી ખરાબ માનસિકતા એ છે, કે અધિકાર બધા મારાં પણ ફરજ એકપણ સ્વીકારવી નથી**

# આ વર્ષની મોંઘવારી ૬.૨૧% એ પહોંચી ગઈ છે! ઓહ! મોંઘવારી નામના રાક્ષસને કેમ નાથીશું?



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મોંઘવારી શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ચીજવસ્તુઓના ભાવમાં નિરંતર વધતો જતો વધારો, જેમાં માનવીના જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી શરૂ કરી અને અતિશય કીમતી વસ્તુઓ સમાવેશ થાય, માનવીની જરૂરિયાતના મુખ્ય ત્રણ પરિબળો છે, હવા પાણી અને ખોરાક. આ ઉપરાંત વસ્ત્રને આવાસ પણ આવે છે, પાણી અને હવા નિઃશુલ્ક મળે છે...**

હમણાં લગભગ બધા જ વર્તમાનપત્રોમાં એક સમાચાર સામાન્ય રહ્યાં કે ભારતનો છૂટક ફુગાવો ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે વધીને ૬.૨૧ % થયો હતો, જે અગાઉના મહિનાના ૫.૪૯ % નવ મહિનાના ઉચ્ચ સ્તર કરતાં વધુ હતો. મોંઘવારી દરમાં વધારો થવાનું મુખ્ય કારણ ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવ છે. ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૨૦૨૩ પછી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ના ૬% બેન્ડને વટાવી ગયો છે. ઓક્ટોબર ૨૦૨૩ માં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ મુજબ ૪.૮૭ ટકા ફુગાવો હતો, ખાદ્ય પદાર્થનો ફુગાવો ૧૦.૮૭ જે સપ્ટેમ્બરમાં ઘટીને ૯.૨૪ થયો હતો. આવી તો કેટલીય આંકડાકીય માહિતી છાપાંઓમાં આવે! પણ શું એનાથી મોંઘવારી ઘટશે ખરી? હમણાં જ દિવાળી ગઈ અને જે રીતે ખરીદી થઈ એ જોતાં કોણ કહે મોંઘવારી વધી છે! જોકે ભારતીય સમાજમાં હવે ધનવાન અને મીડલ ક્લાસને મોંઘવારી નડતી નથી! એ તો ખાલી ચર્ચાનાં મુદ્દા તરીકેની વાતો હોય. પણ કહેવાનું તાત્પર્ય એ છે કે મોંઘવારી વધી ગઈ! મોંઘવારી વધી ગઈ! એવી રાડો લગભગ દરેક વર્ગનાં અને વર્ણના લોકો પાડતાં હોય છે, પરંતુ હકીકતમાં મોંઘવારી શું? અને એ શેને કારણે વધે છે? એ વિશેનો ઉંડો અભ્યાસ જ આ મોંઘવારી નામના રાક્ષસથી બચાવશે. આજનાં સમાજના લોકોની સૌથી ખરાબ માનસિકતા એ છે, કે અધિકાર બધા મારાં પણ ફરજ એકપણ સ્વીકારવી નથી. પ્રજાને સરકાર તરફ અસંતોષ રહે, અને સરકારને પ્રજા પાસેથી સહકારની અપેક્ષા. એમા પણ વધતી જતી મોંઘવારી એટલે પ્રજાના આક્રોશને પહોંચી વળવા સરકાર ગમે તેટલું કરે પણ પરિણામ કંઈ હાથ આવતું નથી, કારણ કે દિવસે દિવસે વસ્તી વધતી જાય છે, કુદરતી કોપ કે દુર્ઘટના ઘટે છે અને બધું વેરણછેરણ થઈ જાય છે.લોકશાહીનો સૌથી મોટો ગેરફાયદો છે કે સરકાર ગમે ત્યારે ઉથલી શકે. લોકમતથી જીતેલી સરકાર પણ એકએકના મત એટલે કે મંતવ્ય મુજબ શાસન કરી શકે, કારણ એને બંધારણ પ્રમાણે દેશનું અર્થતંત્ર ચલાવવાનું હોય છે. દરેક વખતે સરકાર કે સમાજનો દોષ જોવાની આપણી ટેવને કારણે આપણે ક્યારેય આપણી ભૂલ જોઈ ન શક્યા. ટૂંકમાં કહીએ તો વર્તમાન પરિસ્થિતિનું કારણ સમાજની દિશા શૂન્યતા છે, કોઈને ખબર જ નથી કે ખરેખર જીવન કેવું જીવવું જોઈએ! અને માર્ગદર્શન આપનાર નું કાંતો માનવું જ ન હોય, અને જેનું માનવું હોય તે સાચા માર્ગદર્શક પણ ન્હોય. એમાં સ્પર્ધાને પ્રદર્શન કે જાહેરાતનો યુગ,એટલે દરેક ક્ષેત્રમાં પોતાને સાબિત કરીને જીવવાનું. જીતવા માટે જાણે અજાણે ન જાણે કેટલું ખોટું કરવાનું,અને એમાંથી સફળતાની એક ખરાબ આદત લાગે એટલે પુરું! પછી તો જીવન ભર એ જ અસત્યનાં દલદલમાં ફસાયેલા રહેવાનું. તો ક્યાંક જીંદગી આખી ખોટાં દંભમાં જતી દેખાય, ઉંમરનો કોઈ નિશ્ચિત મુકામ જ નહીં, દરેકને યુવાન જ રહેવું છે, કોઈ ને ''ન આમ કે ન તેમ'' એકપણ રીતે મોટા થવું જ નથી, બસ વાતો જ મોટી મોટી કરવી છે. ખોટી ચકાચૌંધ જોવા ટેવાયેલી આંખોને દીપકનાં સાત્વિક અજવાળા ઓછા પડે, એમાં પણ પશ્ચિમનું આંધળું અનુકરણ કરતી યુવાનીને વિદેશ તરફનું ખેંચાણ,ન જઈ શકે એને ત્યાંની વસ્તુ વાપરવાનો ક્રેઝ, આ બધું જવાબદાર બને છે. આ ઉપરાત ફાસ્ટ ફૂડ અને આપણી સંસ્કૃતિ વિરુદ્ધની ખાણીપીણીનો ટ્રેન્ડ, યુવાનોને ગુમરાહ કરે છે. હવા જ કોણ જાણે કેવી ચાલી છે! કે સૌને પોતાનું ધાર્યું કરવું છે. મોંઘવારી શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ચીજવસ્તુઓના ભાવમાં નિરંતર વધતો જતો વધારો, જેમાં માનવીના જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી શરૂ કરી અને અતિશય કીમતી વસ્તુઓ સમાવેશ થાય. માનવીની જરૂરિયાતના મુખ્ય ત્રણ પરિબળો છે, હવા પાણી અને ખોરાક. આ ઉપરાંત વસ્ત્રને આવાસ પણ આવે છે, પાણી અને હવા નિઃશુલ્ક મળે છે, પરંતુ આહાર અને આવાસ માટે અર્થ ઉપાર્જન કરવું પડે. આજકાલ મીડિયા અને ફિલ્મો દ્વારા કે પછી ટીવી સિરિયલ દ્વારા જે ચકાચૌંધ દેખાડવામાં આવે છે, એનાથી બધા જ વર્ગો આકર્ષિત થાય છે, ધનવાનને તો અમુક વસ્તુઓ પોષાય, કીમતી ગાડીઓ, કિંમતી પોશાક, કિંમતી આભૂષણ,કે મોંઘો આહાર, એ બધું એ લોકો રોજનું પણ બદલી શકે. ત્યારે દરેકની એવી હેસિયત હોતી નથી, પરંતુ આવું બધું જુવે એટલે સ્વપ્ન તો આંખમાં અંજાય જાય, અને એમાંનું કંઈક મેળવવા જીવ ધમપછાડા કરે. એવું ન વિચારીએ તો પરિવારને થોડુંક સુખ આપવા માટે પણ લોકો વિચારે, બાળકોને ભણાવવા માટે પણ વિચારે, તો દિવસે ને દિવસે દવાઓ પણ એટલી મોંઘી થતી જાય છે, તો મહિનામાં ક્યારેક એકાદ વાર કોઈને બીમારી આવી જાય, તો સામાન્ય માણસના રૂપિયા એમાં જતા રહે, એટલે એકંદરે આ મોંઘવારીનો મુકાબલો એ રીતે થઈ શકે નહીં. પરંતુ જો જરૂરિયાતો પર વિચારવામાં આવે તો જ આમાં કંઈક થાય, એટલે કે દરેક જણ પોતપોતાની જરુરીયાત ઓછી કરવાનું વિચારે તો પછી મોંઘવારી તેનું કંઈ બગાડી શકે નહીં. રૂપિયા બચાવવા માટે જરૂરિયાત પર કાપ! એનાથી બીજો એક પણ શ્રેષ્ઠ ઉપાય નથી. આજકાલ તો અમુક બ્રાન્ડના જ કપડાં પહેરવા, અમુક બ્રાન્ડના જ ચપ્પલ કે એસેસરી વાપરવી, મોંઘા બુટ વાપરવા અને ગાડી ખરીદવી એ બધું સ્ટેટસ બનતું જાય છે. આ પ્રકારની જરૂરિયાતની આદત હોય તેને કમાવું પણ એટલું જ પડે, અને આસાનીથી કમાઈ શકે એવી ડીગ્રી ન્હોય તો પછી ષડયંત્ર રચીને બીજાના રૂપિયા પડાવવા એવો સરળ રસ્તો ગોતી લે. આપણા આવાસો આવા સાધનોથી સુસજ્જ થતા જાય છે, કબાટો ભરાતા જાય છે, બેંકમાં રૂપિયા વધતા જાય છે, પણ આપણી માગણી ઘટતી નથી, અને એટલે જ મોંઘવારી પણ ઘટતી નથી, તે સીધી સાદી વાત આપણને જ્યારે સમજાઈ જાય, ત્યારે જ આ મોંઘવારી નામનો રાક્ષસ આપણો પીછો છોડશે. આ બધું હાંસલ કરીને ભૌતિક સુખ તો આપણે ખૂબ મેળવી લીધું, પરંતુ હજી કંઈ ખૂટતું હોય એમ આપણે દોડીએ છીએ એટલે એક વાત તો નક્કી છે, કે સાધન સુવિધા એ આનંદ આપનાર નથી. ઉપરાંત નાના માણસો આવાં સુખ ભોગવી શકે એ માટે દરેક વસ્તુઓ લોનથી ઉપલબ્ધ થાય છે, અને જિંદગીભર લોનના ચક્કરમાંથી નાનો માણસ બહાર આવી શકતો નથી. એટલે કે વોશિંગ મશીન, કે ટીવી જેવી મોટી ખરીદી કરે, અને ત્રણ વર્ષ સુધી એના હપ્તા ચાલે, ત્યાં પાંચ વર્ષમાં એ સાધન ટળી જાય, અથવા તો કોઈ નવી શોધ થાય, એટલે એ ખરીદે, બસ આમ જ ચાલે રાખે છે. ૧૯મી સદીમાં માણસને આટલી જરૂરિયાત નહોતી, અથવા તો ઓનલાઈન ધંધો તો હતો જ નહીં, એટલે ત્યારે લોકોને પોતાની કમાણીના રૂપિયા પોષાતા. આજે ગમે તેટલું કમાવા છતાં રૂપિયા દેખાતા નથી, એનું કારણ આપણી માંગ વધી છે, એ જ્યારે આપણને સમજાય, ત્યારે જ આપણે આ મોંઘવારીને નાથી શકીએ. બહુ પાછળ જવાની ક્યાં જરૂર છે આપણા પૂર્વજોના જીવન જોઈએ તો આપણને તરત સમજાઈ જાય કે આજની આ આધુનિક જીવન પદ્ધતી કેટલી ખર્ચાળ છે. શાકવાળાની લારી પર જઈ બે શાક લઈએ ત્યાં સો રૂપિયા થઈ જાય, કરિયાણાની દુકાન પર જઈએ તો પાંચસો થાય, દૂધ છાશ દહીં લેવા જઈએ તો વળી પાછા સો બસ્સો, નાસ્તો અને બેકરી આઈટમ થઈને ફરી પાછા બીજા ત્રણસો-ચારસો આમ આખા દિવસનો ચાર કે પાંચ જણાનો ખર્ચ ! અંદાજે ૫૦ હજાર રૂપિયા કમાતો હોય તો, એમાંથી ઘરભાડું, લાઈટ બિલ, રાંધણ ગેસ,અને કામ કરનારનાં વગેરે બાદ કરતાં, પછી પચ્ચીસ હજાર રૂપિયા હાથમાં બચે. દૈનિક ખર્ચ દોઢ હજાર રૂપિયા હોય, તો બાકીની ખોટ કેમ પૂરી કરવી!! એટલે માંગ ઘટે નહીં ત્યાં સુધી મોંઘવારી ઓછી થાય નહીં, એ એક સીધીસાદી વાત આપણે સમજી લેવી પડે. જય હિન્દ.

**રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી, રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનો ઉદ્ધાર કર્યો**

# ભાગવત ભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું હોય છે, પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નામ અને જપનો મહિમા અનેરો છે, તુલસીદાસજી કહે છે કે, વિષયરૂપી નાગને વશ કરનારો મણિ છે, નામથી તો વિધાતાએ લલાટે લખેલો લેખ પણ ફરી જાય છે, નામ જપ થી દશે દિશાઓ મંગલમય બની જાય છે, જપ તો જનાબાઈએ કર્યો, જનાબાઈ છાણાં થાપે, કોઈ ચોરી કરી જાય, જનાબાઈએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી, નામદેવે કહ્યું, છાણાં બધાં સરખાંસ, તારાં છાણાં ઓળખાય કેમ?**

ગુજરાત રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં ગત શુક્રવાર દેવદિવાળીના દિવસે રાત્રે દશને તેર મિનિટે ધરા ધ્રુજી ઉઠી ૨૬/૦૧/૨૦૦૧ના ભયંકર ભૂકંપ જેને જોયો ટી બધા દોડીને ઘરની બહાર આવ્યા. કુદરત ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં બધું રફેદફે કરી નાખે.વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં આ મુદ્દો મહત્વનો બની જાય તો નવાઈ નહીં.. રામ.. રામ કરો... ભગવદ્ જ્ઞાન કંઈક આવું જ કહે છે.રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી. રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી રામનામે કંઈકઅનેકોને તાર્યા છે. નામ અને જપનો મહિમા અનેરો છે.તુલસીદાસજી કહે છે કે, વિષયરૂપી નાગને વશ કરનારો મણિ છે. નામથી તો વિધાતાએ લલાટે લખેલો લેખ પણ ફરી જાય છે.નામ જપથી દશે દિશાઓ મંગલમય બની જાય છે.જપ તો જનાબાઈએ કર્યો. જનાબાઈ છાણાં થાપે. કોઈ ચોરી કરી જાય. જનાબાઈએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી. નામદેવે કહ્યું, છાણાં બધાં સરખાં. તારાં છાણાં ઓળખાય કેમ? ચોર પકડાય કેમ? જનાબાઈએ કહ્યું કે, ન કેમ ઓળખાય? મારાં છાણાં ઓળખી શકાશે. મારું છાણું કાન પાસે ધરશો તો તેમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ એવો ધ્વનિ સંભળાશે જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલવિઠ્ઠલ નામનો જપ કરતાં જાય અને છાણાં થાપતાં જાય. એટલે કહે છે કે, છાણામાંથી જપનો ધ્વનિ નીકળશે. નામદેવે ખાતરી કરી જોઈ. છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વનિ આવતો સંભળાયો. તેમણે જનાબાઈને કહ્યુંકે,નામદેવ હું નહીં, પણ તું છે. જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલવિઠ્ઠલ નામના જપમાં એવાં તલ્લીન બનતાં કે,જડછાણામાંથી જપનો ધ્વનિ નીકળતો.જપ વિધિ માં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઇનું ખાવું નહીં. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીન કાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્ર માં લખ્યું નથી. પણ ભાગવત ભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું.પંડિત શાસ્ત્ર ની પાછળ દોડે છે. મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે. તેર કરોડ જપ કરવાથી જપ અને ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી મંત્ર થી દિવ્યશક્તિ આવે છે.કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે. દુઃખ શરીરને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે, ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે. કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ,નામ સ્મરણથી જ થાય છે. આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો, પણ ભગવન્નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ. અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ.સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો. અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે કનક અને કાંતાએ માયાના રૂપો છે એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે,અને મન થી પાપ કરશો તો તેની પણ સજા થાય છે. કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામ નો એક બ્રાહ્મણ હતો.એ અનેક પ્રકારનાં પાપો કરીગુજરાન ચલાવતો. જો કે પહેલાં તો મંત્ર વેત્તા,પવિત્ર અને સદાચારી હતો. પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું. પહેલું આંખ વાટે આવે છે.આંખ બગડી એનું મન બગડ્યું મન બગડ્યું એનું જીવન પાપ માટે કામને આંખમાં આવવા દેશો નહીં આંખમાં નહીં આવી શકે તો કામ મનમાં આવશે નહીં. બગડ્યું. એનું નામ બગડ્યું.રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે.મનુષ્ય શરીરથી નહીં, આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઇને આંખ આપવી નહીં. આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહીં.અજામિલ પેલી બાઈને પોતાને ઘરે લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ આવે છે.તેમ અજા મિલ દુરાચારમાં આગળ વધ્યોને પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે. એક વખત કેટલાક સાધુ ઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું. દુરિદ્રતાનું અન્ન લેવાની શાસ્ત્રના પાડી છે, પણ સાધુઓ બાઈને જાણતા ન હતા અટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ છે, તારા ઘરેથી ભોજન મળ્યું,પણ દક્ષિણા મળી નહીં!અજામિલ કહેહું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કો સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું.સાધુ ની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ. એટલે તેમણે કહ્યું તારા ઘરે જે પુ આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું!અજામિલને ત્યાં પુત્ર જન્મ થયો.એનું નામ નારા યણ રાખ્યું.છેલ્લી સંતતિમાં માતા પિતાને વિશેષ પ્રેમ હોવાથી અજા મિલ વારંવાર નારાયણને બોલાવે છે.આમ નારાયણ નામની ટેવ પડી અતિશય પાપી,અતિકામી પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું, તેમ છતાં યમદૂતો લેવા આવ્યા.અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો. પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવાલાગ્યો નારાયણ,નારાયણ.છેલ્લા સંતાનમાં મા-બાપનું મન વિશેષ ફસાય છે.રોજની આદત પ્રમાણે અજા મિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો. તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં,પણ વિષ્ણુદૂતો આવ્યા.વિષ્ણુદૂતો યમ દૂતોને કહે કે, આને છોડી દો. એ પાપી છે,પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે તેનાં થોડાં પાપ બળી ગયાં છે. હવે તેને જીવવા દ્યો. તેના આયુષ્યના બાર વર્ષ હજુ બાકી છે.યમદૂતો કહે છે કે, અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો ત્યારે વિષ્ણુદૂતો કહે છે, અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પણ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે. તે પ્રમાણે અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે.અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે છે. એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે. અજામિલ ઉદ્દેશીને નારાયણ, નારાયણ બોલ્યો પણ એ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને!ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે. આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે.તે કહે છે કે, જાણવા વાળાઓ જાણે છે કે,સંકેતમાં પરિહાસમાં, આલાપમાં અથવા કોઈની અવહેલના કરવામાં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.જે મનુષ્ય પડતી વખતે, પગ લપસી પડે ત્યારે,અંગ ભંગ થાય ત્યારે, સાપ ડંસે ત્યારે, તાવમાં સપડાયેલો હોય ત્યારે, ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની 'હરિ હરિ' કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતના ને પાત્ર રહેતો નથી. પડતી વખતે, કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો, હરિ હરિ કરો. ઘરમાં દૂધ ઉભરાયને ત્યારે ગૃહિણી હાય હાય કરે છે. હાય હાય કરે શું વળવાનું હતું? તેને બદલે હર હર કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે. બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હિર હિર કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે, હરિના નામનો જપ થશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે દિવાળી વેકેશનનો છેલ્લો દિવસ આવતી કાલથી શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓનો કલરવ ધમધમાટ શરૂ થઈ જશે... હવે શાળાઓ કરતાં ટ્યુશન કોચિંગ ક્લાસ વાળીઓને વિદ્યાર્થીઓ કરતાં વધુ રસ અને મોભા જેવું બની ગયું છે એટલે જ શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓની હાજરી ફક્ત એડમિશન આધીન બની રહી છે બસ આપ સૌ બહુ સમજુ છો એટલે અહીં અટકીએ અસ્તુ.

# લગ્ન પછી રાધિકા મર્ચન્ટે નામ બદલીને રાધિકા અંબાણી કર્યુ





## રાધિકાએ પોતાના પિતા વિરેન મર્ચન્ટની કંપનીમાં કેરિઅરની શરૂઆતમાં શીખેલા મૂલ્યો તેની નેતૃત્વની કુશળતાના મૂળમાં છે

રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીએ ૧૨ જુલાઈએ વૈભવી લગ્ન કર્યા પછી હવે રાધિકા મર્ચન્ટે તેની અટક બદલીને રાધિકા અંબાણી કરી દીધી છે. ત્યારે હવે લગ્ન પછી પહેલી વખત એક ઈન્ટરવ્યૂમાં પોતાની પ્રોફેશનલ જર્ની અને ભવિષ્યના આયોજન અંગે વાત કરી હતી. રાધિકા મર્ચન્ટ એનકોર હેલ્થકેરના ડોમેસ્ટિક માર્કેટિંગની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. ભારતમાં અને ખાસ કરીને સાઉથના રાજ્યોમાં પોતાની કંપનીનું સ્થાન મજબૂત કરવાનો તેનો દૃઢ નિશ્ચય છે. રાધિકાએ પોતાના પિતા વિરેન મર્ચન્ટની કંપનીમાં કેરિઅરની શરૂઆતમાં શીખેલા મૂલ્યો તેની નેતૃત્વની કુશળતાના મૂળમાં છે તેણે સમગ્ર દેશમાં હેલ્થકેરના ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટે ટેક્નોલોજીની મદદ અને તેના મહત્વ વિશે વાત કરી હતી.રાધિકાએ પોતાના પિતા વિરેન મર્ચન્ટની કંપનીમાં કેરિઅરની શરૂઆતમાં શીખેલા મૂલ્યો તેની નેતૃત્વની કુશળતાના મૂળમાં છે. તેણે પિતાની કંપનીની કામગીરીને યોગ્ય રીતે સમજવા માટે મેડિકલ રીપ્રેઝન્ટેટિવથી પોતાની કેરિઅરની શરૂઆત કરી હતી.રાધિકાએ કહ્યું,‘‘મારા પહેલા બોસે મને કહ્યું હતું કે, જો તમે કોઈ કંપનીમાં સેલ્સનું કામ સંભાળી શકો તો તમે એ કંપનીમાં કોઈ પણ હોદ્દા પર કામ કરી શકો છો, કારણ કે સેલ્સમાં તમારે દરેક ઉત્પાદનોની અંદરની અને બહારની બાબતો, ફાયનાન્સ અને ડિસ્ટ્રિબ્યુશન બધું જ સમજવું પડે છે. તેના કારણે તમે સીધા તમારા ગ્રાહકના સંપર્કમાં રહી શકો છો.’’આ ઈન્ટરવ્યૂમાં રાધિકાની બહેન અંજલી મર્ચન્ટ સાથે પણ વાત કરવામાં આવી હતી, જે એનકોરમાં ઈન્ટરનેશનલ માર્કેટની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તે કંપનીની વિશ્વકક્ષાએ વિકાસની યોજનાઓ અને કંપનીની ૨૦ દેશોમાં હાજરી વિસ્તારવાની વાત પણ તેણે કરી હતી. તાજેતરમાં જ રાધિકાએ અંબાણી પરિવારની વહુ તરીકે પહેલી વખત પોતાના ૩૦મા જન્મ દિવસની ઉજવણી કરી હતી. જેમાં તેના પરિવારના સભ્યો અને નજીકના મિત્રો હાજર રહ્યાં હતાં. તેની કેક કટિંગના વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઘણા વાયરલ થયા હતા.

### ઠગાઈના કેસમાં ૨૦૧૫ના વર્ષથી સુકેશ જેલમાં બંધ છે

# જેક્લીનને ખુશ કરવા હોલિવૂડમાં રૂપિયા ૧૧૩૦ કરોડ રોકીશ : સુકેશ ચક્રવર્તી

કૌભાંડી સુકેશ ચક્રવર્તી જેલવાસ દરમિયાન સતત જેકલીન ફર્નાન્ડિઝ પ્રત્યે લાગણી વ્યક્ત કરી રહ્યો છે. રૂ.૨૦૦ કરોડના કૌભાંડીએ જેલમાંથી અમેરિકાના પદનામિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપતો પત્ર લખ્યો છે. જેમાં સુકેશે પોતાના લેડી લવ જેકલીનને ખુશ કરવા લોસ એન્જેલસ સ્ટુડિયોમાં ૧૩૫ મિલિયન ડોલર (રૂ.૧૧૩૦ કરોડ)નું રોકાણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. સુકેશે પોતાના પત્રમાં ટ્રમ્પને ‘બિગ બ્રો’ ગણાવ્યા છે અને અમેરિકાની ચૂંટણીમાં વિજય બદલ શુભેચ્છા આપી છે. હાથેથી લખેલા પત્રમાં સુકેશે એક દાયકા અગાઉ ટ્રમ્પ સાથે થયેલી મુલાકાતનું સ્મરણ કર્યુ હતું. જેમાં ટ્રમ્પે આપેલી સલાહને તેણે યાદ કરી હતી. સુકેશના દાવા મુજબ, ટ્રમ્પે તેને જણાવ્યુ હતું કે, દુનિયા જેવી છે તેનો સ્વીકાર કરી લો અથવા તેમાં પોતાની રીતે ફેરફાર લાવો. ટ્રમ્પની આ સલાહ સતત કાનમાં ગૂંજતી હોવાનો અને પ્રોત્સાહિત કરતી હોવાનો દાવો સુકેશે કર્યો છે. પત્રમાં સુકેશે બે કંપનીનો ઉલ્લેખ કર્યો છે. એલએસ હોલ્ડ્ગ્સ અને એલએસ ગેમિંગ એલએલસી કંપની નામની આ કંપની પોતાની હોવાનું સુકેશે કહ્યું છે. રૂ.૨૦૦ કરોડની ઠગાઈના કેસમાં જેલવાસ ભોગવી રહેલા સુકેશ ચક્રવર્તીએ ડોનાલ્ડ ટ્રમ્પને પત્ર લખ્યો, આગામી બે વર્ષ દરમિયાન અમેરિકામાં આ બંને કંપનીનું રોકાણ વધારીને ૫૦૦ મિલિયન ડોલર (રૂ.૪૨૦૦ કરોડ) કરવાનું આયોજન સુકેશે જાહેર કર્યુ છે. સુકેશે જેકલીન સાથે વીતાવેલા સમયને પણ યાદ કર્યો હતો અને જેકલીને આપેલી સલાહ વાગોળી હતી. જેમાં જેકલીને કહ્યું હતું કે, તમારી મહિલાનું હંમેશા સન્માન જાળવવું જોઈએ અને તેને ખાસ હોવાનો અનુભવ કરાવવો જોઈએ. જેકલીનની આ ખુશી માટે લોસ એન્જેલસમાં આવેલા મોટા પ્રોડક્શન હાઉસમાં ૧૩૫ મિલિયન ડોલરનું રોકાણ નક્કી કર્યુ છે. જેથી તેને સ્પેશિયલ ફીલ કરાવી શકાય.ઉલ્લેખનીય છે કે, કરોડો રૂપિયાની ઠગાઈના કેસમાં ૨૦૧૫ના વર્ષથી સુકેશ જેલમાં બંધ છે. રૂ.૨૦૦ કરોડની ઠગાઈના કેસમાં જેલવાસ ભોગવી રહેલા સુકેશ ચક્રવર્તીએ ડોનાલ્ડ ટ્રમ્પને પત્ર લખ્યો, સુકેશની પૂછપરછ દરમિયાન જેકલીન સાથેની નિકટતા અંગે ખુલાસો થયો હતો. સુકેશ તરફથી કરોડો રૂપિયાની ગિફ્ટ્સ લેવાના કારણે જેકલીન પણ આ કેસમાં સહઆરોપી બની હતી.



રૂ.૨૦૦ કરોડની ઠગાઈના કેસમાં જેલવાસ ભોગવી રહેલા સુકેશ ચક્રવર્તી



# ત્રણ મોટી ફિલ્મોની એક સાથે રિલીઝથી બોક્સ ઓફિસ પર ધનતેરસનો માહોલ

બોક્સ ઓફિસ માટે આ દિવાળી ખરેખર ધનવર્ષાથી ભરપૂર રહી છે. જ્યારે આ દિવાળીએ એકસાથે લગભગ સાત ફિલ્મો એક સાથે થિએટરમાં ચાલી રહી હતી. તેમાં એક સાથે બે મોટી ફિલ્મો ‘સિંઘમ અગેઈન’ અને ‘ભૂલભુલૈયા ૩’ વચ્ચેની ટક્કર હોય કે પછી તમિલ ફિલ્મો ‘અમારન’ અને ‘બ્લડી બેગર’, તેલુગુ ફિલ્મો ‘કેએ’ અને ‘લકી ભાસ્કર’ તેમજ કન્નડ ફિલ્મ ‘બઘીરા’ હતી, જે બધી ફિલ્મોએ લગભગ સારી કમાણી કરી છે. તેમાં પણ મહત્વની વાત એ છે કે ત્રણ મોટી ફિલ્મો ‘સિંઘમ અગેઈન’ અને ‘ભૂલભુલૈયા ૩’ અને ‘અમારન’ની ઓલાઈન ટિકિટ બૂકિંગ પ્લેટફર્મ બુકમાયશો પર લગભગ ૧ કરોડ ટિકિટ વેચાઈ છે. દિવાળી પર રિલીઝ થયેલી અન્ય ફિલ્મોનો પણ જો સમાવેશ કરવામાં આવે તો આ આંકડો હજુ વધી શકે તેમ છે. જોકે, ત્રણ મોટી ફિલ્મોએ દિવાળી વખતે બોક્સ ઓફિસ પર રાજ કર્યુ છે. દિવાળીથી ૧૨ દિવસોમાં સાઉથની ૩ ફિલ્મોએ વર્લ્ડ વાઈડ ૨૫૨ કરોડની કમાણી કરી છે. જ્યારે ‘સિંઘમ અગેઈન’ અને ‘ભૂલભુલૈયા ૩’ એ ૧૧ દિવસમાં ૩૩૧ કરોડ ભારતમાં અને વર્લ્ડ વાઈડ ૩૩૫ કરોડની કમાણી કરી છે. આ આંકડાઓમાંથી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મનો અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ સિવાકાર્તિકેયનની ફિલ્મની બુકમાયશો પર ૩.૭ લાખ ટિકિટો વેચાઈ છે. ‘સિંઘમ અગેઈન’ની ૩.૧ લાખ ટિકિટ અને ‘ભૂલભુલૈયા ૩’ની ૩.૬ ટિકિટ વેચાઈ છે. ‘ભુલભુલૈયા ૩’ની વાત કરવામાં આવે તો આ ફિલ્મના એડવાન્સ બુકિંગ દ્વારા ૫૬૮.૩૭ હજાર ટિકિટ વેચાઈ હતી. પહેલા અઠવાડિયે ૨૨.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૭૯.૩૬ હજાર, બીજા શનિવારે ૨૯૨.૬૭ હજાર, બીજા રવિવારે ૨૩૨.૨૮ હજાર અને બીજા સોમવારે ૮૭.૧૨ હજાર થઈને કુલ ૩૦.૬ લાખ ટિકિટ વેચાઈ હતી. જો ‘સિંઘમ અગેઈન’ની ટિકિટ વેચાણની વાત કરવામાં આવે તો એડવાન્સ બુકિંગ દ્વારા ૪૨૦.૭૮ હજાર ટિકિટ વેચાઈ હતી. પેહલાં અઠવાડિયે ૨૧.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૨૭.૫૪, બીજા શનિવારે ૨૦૫.૮૭ હજાર, બીજા રવિવારે ૧૭૧.૫ હજાર, તેમજ બીજા સોમવારની ૫૯.૩૧ હજાર મળીને કુલ ૩૦.૧ લાખ ટિકિટ વેચાઈ હતી. જો ‘અમારન’ની કુલ ટિકિટના વેચાણની વાત કરીએ તો એડવાન્સ બુકિંગમાં ૫૬૮.૩૭ હજાર, પહેલા અઠવાડિયે ૨૨.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૭૯.૩૬ હજાર, બીજા શનિવારે ૨૯૨.૬૭ હજાર, બીજા રવિવારે ૨૩૨.૨૮ હજાર તેમજ બીજા સોમવારની ૮૧.૧૨ હજાર મળીને ૩.૬ મિલિયન ટિકિટ વેચાઈ હતી. આમ, અમારન આ ટિકિટ બુકિંગમાં ટોપ પર રહી હતી.









સિંઘમ અગેઇન, ભૂલભુલેયા ૩ અને અમારને મળીને ઓનલાઇન પ્લેટફોર્મ પર બુકિંગમાં એક કરોડનો આંકડો પાર કર્યો

### રિદ્ધિ ડોગરા હાલ ફવાદ ખાન સાથે ‘અબીર ગુલાલ’ ફિલ્મ કરી રહી છે

# રિદ્ધિ ડોગરાએ ફવાદ સાથે ફિલ્મ સાઇન કરતા પહેલાં સરકારની સલાહ લીધી



## પાકિસ્તાની કલાકારો પરનો પ્રતિબંધ ઉઠ્યા પછી આ ફવાદની બોલિવૂડમાં કમબેક ફિલ્મ હશે

રિદ્ધિ ડોગરાની ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ આવી રહી છે. ત્યારે તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન સાથે કામ કરવાના અનુભવ અને આ કામ પહેલાના તેને ખચકાટ અંગે પણ વાત કરી હતી. રિદ્ધિ ફવાદ ખાન સાથે ‘અબીર ગુલાલ’માં કામ કરી રહી છે. પાકિસ્તાની કલાકારો પરનો પ્રતિબંધ ઉઠ્યા પછી આ ફવાદ ખાનની બોલિવૂડમાં કમબૅક ફિલ્મ હશે. જેમાં વાણી કપુર પણ કામ કરી રહી છે. ફવાદ ખાનની રાષ્ટ્રિયતાને કારણે રિદ્ધિ ડોગરાના મનમાં કેટલીક મૂંઝવણ હતી, આ અંગે રિદ્ધિએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. રિદ્ધિએ કહ્યું,‘‘જ્યારે કોઈ વ્યક્તિ કોઈ કળા સાથે જોડાયેલી હોય ત્યારે ત્યારે હું કળામાં કોઈ ભેદ રાખતી નથી. આપણે જ્યારે પણ કંઈ જોઈએ, પછી તે નાટક હોય કે ફિલ્મ, આપણે માત્ર પાત્ર જ જોઈએ છીએ. આપણે એવો વિચાર નથી કરતા કે એ કલાકાર કોણ અને કયા ધર્મનો હશે કે પછી તેના ઘરમાં કોણ હશે. આપણે એ નથી જોતાં કે એ કયા દેશનો છે. આ ફિલ્મમાં કામ કરવાનું નક્કી કરતી વખતે મેં આ જ વિચાર્યુ હતું. મેં માત્ર એક વાતની ખાતરી કરી હતી કે મને આ રાષ્ટ્રીયતાવાળી વ્યક્તિ સાથે કામ કરવાની પરવાનગી છે કે નહીં.

### આઇકોનિક શો દૂરદર્શન પર મચાવશે ધૂમ

# શાહરૂખ ખાન તેમના ફેન્સને ફરી એકવાર બતાવશે ‘સર્કસ’




## એક જમાનામાં દૂરદર્શન પર લોકો ફીદા હતા અને તેમા આવતા કાર્યક્રમ માટે લોકો કાગડોળે રાહ જોતા

એક જમાનામાં દૂરદર્શન પર લોકો ફીદા હતા. અને તેમા આવતા કાર્યક્રમ માટે લોકો કાગડોળે રાહ જોઈને બેસતાં હતા. આવી અનેક ભુલાઈ ગયેલી યાદો છે, જે હવે દર્શકો માટે સોનેરી ક્ષણોથી ઓછી નથી. હવે આવા ઘણા શો દૂરદર્શન પર ફરીથી પ્રસારિત કરવામાં આવ્યા છે, જે દર્શકોને જૂના દિવસોની યાદ અપાવતા હતા. તાજેતરમાં જ શાહરૂખ ખાનનો હિટ શો ‘ફૌજી’ ફરીથી ટેલિકાસ્ટ થયો હતો. ‘ફૌજી ૨’ના પ્રીમિયર પહેલા, અભિનેતાના ‘ફૌજી’ના આઠ એપિસોડ પ્રસારિત થયા હતા. તે જ સમયે, હવે શાહરૂખ ખાનનો વધુ એક મજેદાર શો દર્શકોનું મનોરંજન કરવા માટે પાછો આવી રહ્યો છે.શાહરૂખ ખાન હવે ‘સર્કસ’ દ્વારા દર્શકોનું મનોરંજન કરવા માટે ફરી પાછો ફરી રહ્યો છે. દૂરદર્શને તેના ઠ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને ‘સર્કસ’ના પુનઃપ્રસારણની સત્તાવાર જાહેરાત કરી. દૂરદર્શને ‘સર્કસ’માંથી શાહરૂખ ખાનની કેટલીક ઝલક શેર કરી અને ટ્વીટ કર્યું, ‘એ કેવા દિવસો હતા, જ્યારે શાહરૂખ અમારા ટીવી સ્ક્રીન પર સર્કસમાં બબલી પાત્રમાં દેખાતો હતો. અમે એ જ યાદો સાથે પાછા ફર્યા છીએ. સર્કસ જુઓ, સોમવારથી શુક્રવાર, બપોરે ૧૨:૦૦ કલાકે માત્ર ડીડી નેશનલ પર.‘સર્કસ’માં સર્કસ મંડળના સભ્ય શેખરનની ભૂમિકા શાહરૂખની શરૂઆતની ભૂમિકાઓમાંની એક હતી અને જેઓ નેવુંના દાયકામાં દૂરદર્શન જોઈને મોટા થયા હતા તેઓને તે આજે પણ યાદ છે. વિકી અઝીઝ મિર્ઝા અને કુંદન શાહ દ્વારા દિગ્દર્શિત, સર્કસ સ્ટાર્સ રેણુકા શહાણે, પવન મલ્હોત્રા શાહરૂખે ૧૯૮૯ માં ‘ફૌજી’ દ્વારા ટીવીમાં પ્રવેશ કર્યો હતો. અને ૧૯૯૨માં આવેલી ‘દીવાના’ તેની પહેલી બોલિવૂડ ફિલ્મ હતી.‘સર્કસ’ મૂળ રૂપે ૧૯૮૯ અને ૧૯૯૦ ની વચ્ચે પ્રસારિત થયું હતું અને લોકપ્રિય માંગ પર ૨૦૧૭ અને ૨૦૧૮ માં ફરીથી પ્રસારિત થયું હતું. આ પછી, તે કોરોના સમયગાળા દરમિયાન ૨૮ માર્ચ, ૨૦૨૦ થી ફરીથી પ્રસારિત કરવામાં આવ્યું હતું. તે જ સમયે, હવે તે ફરી એકવાર દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. શાહરૂખ ખાનની આગામી ફિલ્મની વાત કરીએ તો તે તેની પુત્રી સુહાના ખાન સાથે ‘કિંગ’માં જોવા મળશે.

# શૂટિંગ પૂર્ણ થયા બાદ રશ્મિકાએ ડબિંગ પણ આટોપ્યું

આગામી ડિસેમ્બરમાં રજૂ થનારી ‘પુષ્પા ટૂ’નું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે અને હાલ ડબિંગ ચાલી રહ્યું છે. અભિનેત્રી રશ્મિકા મંદાનાએ જાતે આ ફિલ્મની અપડેટ આપી છે. રશ્મિકાએ ડબિંગ સ્ટુડિયોની તસવીરો શેર કરી ગઈ હતી. પુષ્પા ટૂનું શૂટિંગ પૂર્ણ થયા બાદ રશ્મિકાએ ડબિંગ પણ આટોપ્યું, તેણે જણાવ્યું હતું કે ફિલ્મના પહેલા હિસ્સાનું ડબિંગ થઈ ચૂક્યું છે અને હવે બીજા હિસ્સાનું ડબિંગ ચાલુ છે. સુકુમાર દિગ્દર્શિત આ ફિલ્મમાં અલ્લૂ અર્જુન અને રશ્મિકા મંદાના સાથે ફહદ ફાસિલ કામ કરી રહ્યો છે, પહેલો ભાગ બહુ અદ્ભૂત બન્યો છે એમ તેણે કહ્યું હતું.જોકે, તેણે એમ પણ કહ્યું હતું કે મારા હિસ્સાનું શૂટિંગ પુરુ થઈ ગયું હોવાથી હું નિરાશ છું. તેણે સેટ પરના રોમાંચ અને મજાક મસ્તીને મિસ કર્યા હતાં. સુકુમાર દિગ્દર્શિત આ ફિલ્મમાં અલ્લૂ અર્જુન અને રશ્મિકા મંદાના સાથે ફહદ ફાસિલ કામ કરી રહ્યો છે. આગામી ડિસેમ્બરમાં રજૂ થનારી ‘પુષ્પા ટૂ’નું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે અને હાલ ડબિંગ ચાલી રહ્યું છે. અભિનેત્રી રશ્મિકા મંદાનાએ જાતે આ ફિલ્મની અપડેટ આપી છે. રશ્મિકાએ ડબિંગ સ્ટુડિયોની તસવીરો શેર કરી ગઈ હતી. પુષ્પા ટૂનું શૂટિંગ પૂર્ણ થયા બાદ રશ્મિકાએ ડબિંગ પણ આટોપ્યું.



# ગુલશન કુમાર પરની બાયોપિક પોસ્ટપોન કરવા દીકરાનો નિર્ણય



ભુષણ કુમાર હાલ તો ‘ભુલભુલૈયા ૩’ની સફળતાનો આનંદ માણે છે. તાજેતરમાં તેમણે તેમની આવનારી ફિલ્મ પિતા ગુલશનકુમારની બાયૉપિક વિશે પણ વાત કરી હતી. જોકે, આ ફિલ્મ વિશે ઓફિશિયલી કોઈ જાહેરાત થઈ નથી. પરંતુ આ ફિલ્મ અંગે ઘણી ચર્ચા હતી, કારણ કે તેમાં આમિર ખાન લીડ રોલમાં હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ભુષણ કુમારે કહ્યું હતું કે તેમની પાસે આ ફિલ્મની સ્ક્રિપ્ટ પણ હતી, પરંતુ તેમના માતા સહમત ન હોવાથી કામ આગળ વધ્યું નહીં. ‘‘અમે હજુ એ લખી રહ્યા છીએ. અમારી સ્ક્રિપ્ટ પહેલાં તૈયાર જ હતી. અમે ભલે કોઈ ઓફિશિયલ જાહેરાત ન કરી હોય તેમ છતાં બધાં જાણતાં હતાં કે, આમિર ખાન તેનો ભાગ હતો. એ હજુ પણ આ કામ કરવા માગે છે, તે મને હંમેશા કહે છે કે તેણે વાંચેલી આ શ્રેષ્ઠ સ્ક્રિપ્ટ છે. પરંતુ અમારા પરિવાર તરફથી તેમાં થોડો ખચકાટ હતો, ખાસ કરીને મારા માતા, એ કોઈ અલગ દૃષ્ટિકોણથી આ વાર્તા કહેવા માગતી હતી અને અમે કોઈ બીજા દૃષ્ટિકોણથી લખી હતી.’’આગળ ભૂષણકુમારે કહ્યું, ‘‘મારી માતા જે સ્ક્રિપ્ટ સાથે સહમત ન હોય તો હું મારા પિતા વિશે ફિલ્મ બિલકુલ બનાવી ન શકું. એક વખત એ સહમત થશે, જે સમયાંતરે થવાના જ છે, ત્યારે દુનિયાને એક પ્રેરણાદાયી સ્ટોરી જોવા મળશે. અમે પહેલાની સ્ક્રિપ્ટ રદ નથી કરી, માત્ર એમાં થોડાં ફેરફાર કરી રહ્યા છીએ. મારા મતા પણ ઈચ્છે છે કે જે લોકો તેમના વિશે નથી જાણતા એવી વાતો લોકોને જાણવા મળે.’’૧૯૮૩માં ભુષણકુમારના પિતા ગુલશન કુમારે ટી-સિરીઝની સ્થાપના કરી હતી. ૧૯૯૦માં કંપનીએ ફિલ્મો પ્રોડ્યુસ કરવાની શરૂ કરી. તેમજ આ દેશની મ્યુઝિક પ્રોડ્યુસ કરતી સૌથી મોટી કંપની બની ગઈ. ૧૯૯૭માં ગુલશન કુમારની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

# કપડવંજ ટાઉન હોલ ખાતે ભાજપ સંગઠનની કાર્યશાળા જિલ્લા ચૂંટણી સહ અધિકારી કિરણસિંહ ડાભીની અધ્યક્ષતામાં યોજાઈ


તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૬ ।

આજ રોજ કપડવંજ તાલુકા અને કપડવંજ શહેર ભાજપની સંગઠન મહાપર્વ કાર્યશાળા ખેડા જિલ્લા સહ ચૂંટણી અધિકારી અને જિલ્લા બક્ષીપંચ મોર્ચાના અધ્યક્ષ શ્રી કિરણસિંહ ડાભી વકીલ સાહેબની અધ્યક્ષતામાં ટાઉનહોલ કપડવંજ ખાતે યોજાઈ હતી.

આ પ્રસંગે પૂર્વ જિલ્લા ઉપ પ્રમુખ શ્રી ગોપાલભાઈ શાહ દ્વારા સંગઠન મહાપર્વ-૨૦૨૪ હેઠળ બુથ સમિતિ ગઠન અંગે વિગતવાર માર્ગદર્શન આપી કપડવંજ શહેર અને મંડલ ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોને પ્રશિક્ષત કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મંત્રીશ્રી ધવલભાઈ પટેલ, શ્રી ધૂળસિંહ સોલંકી, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી નિલેશભાઈ પટેલ, જિલ્લા બક્ષીપંચ કોષાધ્યક્ષ રાજેશભાઈ શર્મા આતરસુંબા, શહેર પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પટેલ, તાલુકા પ્રમુખ શ્રી ગણપતસિંહ રાઠોડ, મહામંત્રી શ્રી સુરેશભાઈ પારેખ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી જે.કે. પરમાર, બહેનશ્રી સેજલબેન બ્રહ્મભટ્ટ, પ્રમુખ વર્ષાબેન પંચાલ, શ્રી અશ્વિનભાઈ સોનેરી, શ્રી બુધાભાઈ ખડાયતા, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી નિમેષસિંહ જામ, શ્રી અલ્પેશભાઈ પંડ્યા, શ્રી ગુલાબસિંહજી ઝાલા, શ્રી કિશનસિંહ ઝાલા, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી બુધાભાઈ પટેલ, શ્રી નવનીતસિંહ ચૌહાણ, શ્રી પી.ડી. ઝાલા, શ્રી રૂપસિંહ પરમાર, શ્રી રાજેશભાઈ પટેલ માલઈટાડી, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી નયનભાઈ પટેલ, શ્રી પ્રહલાદસિંહ ગોહિલ, શ્રી વિશાલભાઈ શર્મા, શ્રી દક્ષેશભાઈ કંસારા, શ્રી હર્નિશભાઈ ચોક્સી સર્વે કોર્પોરેટરોશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ સહિત બુથ સહયોગીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યશાળા નું સફળ સંચાલન કપડવંજ શહેર ભાજપ મહામંત્રી શ્રી સુરેશભાઈ પારેખે કર્યું હતુ.

# ઝાલોદ નગરપાલિકા માટે ચૂંટણી માટે વોર્ડનુ સીમાંકન જાહેર થતાં ચૂંટણી લડવા ઉભા રહેનાર ઉમેદવારોના ગણિત ચાલુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરપાલિકાનુ વોર્ડ દીઠ સીમાંકન તેમજ અનામત માટેનુ લિસ્ટ ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ૧૩-૧૧-૨૦૨૪ ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું તેથી હવે ચૂંટણી લડનારા ઉમેદવારો કયા વોર્ડ માંથી ઉભું રહેવું તેવું ગણિત મૂકી રાજકીય રીતે રોટલા શેકવામાં ચાલુ કરી દીધેલ છે. ચૂંટણી લડનાર ઉમેદવારો વોર્ડ પ્રમાણે પોતાની ચાર ઉમેદવારો માટેની ટીમ તૈયાર કરવા લાગી ગયેલ છે. ગુજરાત ચૂંટણી આયોગ દ્વારા સીમાંકન લિસ્ટ જાહેર કરવામાં આવતા ચૂંટણી આવી રહેલ હોવાના પડઘા નગરમાં ગુંજી રહેલ છે. ચૂંટણીમા ઉભા રહેનાર ઉમેદવારોની અંગત મીટિંગ ચાલુ થઈ ગઈ હોવાનું પણ સાંભળવા મળી રહેલ છે. રાજકીય રીતે નગરમાં ભાજપ કોંગ્રેસ, આપ ,બાપ તેમજ બીટીપી માંથી નગરમાં ચૂંટણી લડનારા ઉમેદવારો પોતપોતાના સોગઠાં ગોઠવી રહેલ છે.

રાજકીય રીતે પોતાની ગમતી પાર્ટીમાં કોઈ ઉમેદવારને ટિકિટ નહીં મળે તો પક્ષ પલ્ટો થાય અથવા અપક્ષમા ઉભા રહી ચૂંટણી લડશે તેવી પણ નગરમાં ચર્ચા થઈ રહેલ છે. આવનાર સમયમાં નગરના રાજકારણમાં ઉથલપાથલ થાય કે કોઈ નવી રાજકીય ઘટના ચૂંટણીને અનુલક્ષીને બને તો નવાઈ નહીં. બીજી બાજુ નગરની પ્રજા પણ ચૂપ રહી રાજકીય ગણિત સમજી કોને સપોર્ટ કરશે તે પણ હાલ નક્કી થઈ રહેલ નથી કેમકે નગરમાં ૭ વોર્ડમા કુલ ૨૮ ઉમેદવારો માટે ચૂંટણી યોજાવાની છે પરંતુ તેની સામે નગરપાલિકામા ઉમેદવારોનો રાફડો ફાટશે તેવું લાગી રહેલ છે તેથી નગરની પ્રજા ઉમેદવારોની લડાઈમાં કોને વોટ આપશે તે માટે મુંઝવણ અનુભવશે. હાલ જે હોય પણ આવનાર સમયમાં નગરપાલિકાની ચૂંટણીને લઈ ચારેબાજુ લોકો ગ્રુપમા ચૂંટણી અંગે ચર્ચા તેમજ ઉમેદવારો વિશે ચર્ચા કરતા જોવા મળી રહેલ છે.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાના કડાણા ગામે કારતક સુદ પૂનમને શુક્રવાર તારીખ ૧૫-૧૧-૨૪ ના રોજ સાંજે ૯:૧૫ કલાકે આ વર્ષે પણ પરંપરા મુજબ રામજી મંદિરેથી મેરઈયાઓ પ્રગટાવી ભક્તિ ભાવપૂર્વક મહાકાલેશ્વર મંદિરે અને કષ્ટભંજન હનુમાનજી મંદિરે દર્શન કરાવી ગામમાં મહાકાલી તેમજ અંબા માતાના મંદિરે દર્શન કરાવી મૂકવામાં આવેલ હતા. અનેક ભક્તો દ્વારા આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ હતી.

# અમદાવાદ જીલ્લા પશુપાલન શાખા દ્વારા ગર્દભ કેમ્પનું આયોજન કરાયું, ૩૪૦ ગર્દભોને સારવાર આપવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતનો સુપ્રસિધ વૌઠાનો લોકમેળો અમદાવાદ જિલાના ધોળકા તાલુકાના વૌઠા ગામે યોજાય છે. દર વર્ષે અહીં કારતક સુદ અગીયારસથી કારતક સુદ પુનમ સુધી પાંચ દિવસનો ખુબ જ મોટો અને ભવ્ય મેળો ભરાય છે, જ્યાં ગુજરાતની ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન થાય છે. આ ભાતીગળ મેળો માણવા વિદેશીઓ પણ આવે છે.

આ મેળો તેમાં થતા વિશિષ્ટ ગર્દભના વેપારને કારણે પણ ખુબ પ્રખ્યાત છે. આ મેળાનું મુખ્ય આકર્ષણ ગર્દભનું બજાર છે. અહી સારામાં સારા અને ઊંચી જાતના ગર્દભ વેચાણ માટે લાવવામાં આવે છે, વણઝારાનો સમુદાય અહી ચાર હજાર કરતાં પણ વધુ ગર્દભોને વેચાણ માટે લઈ આવે છે. વૌઠાના મેળામાં ઊંટનો પણ વેપાર થાય છે. ગર્દભ ને લાલ, ગુલાબી અને કેસરી રંગ ગળા અને પીઠના ભાગ પર લગાડવામાં આવે છે. વૌઠા મેળા ૨૦૨૪ અંતર્ગત અમદાવાદ જીલ્લા પશુપાલન શાખાના નાયબ નિયામક શ્રી સુકેતુ ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે, પશુપાલન શાખા દ્વારા તા.૦૭-૧૧-૨૦૨૪ થી તા.૧૧-૧૧-૨૦૨૪ દરમ્યાન ગદર્ભ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કેમ્પમાં અંદાજીત ૩૪૦ જેટલા ગર્દભોને સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત તા.૧૫-૧૧-૨૦૨૪ દરમ્યાન ઊંટ વર્ગના પ્રાણીઓ માટે એન્ટીસરા(ઝેરબાજ) કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં અંદાજીત ૩૦૦ ઊંટને સારવાર આપવામાં આવી હતી તેમજ અંદાજીત ૨૦૦ બકરાઓને કૃમિનાશક દવાઓ પીવડાવવામાં આવી હતી.

# ઝાલોદ નગરની પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડ કઢાવવા રાત્રે ૧૦ વાગ્યાથી લાઈનમા : જવાબદાર તંત્ર ચૂપ

## કોઈ પણ પક્ષના નેતા આ અંગે આધાર કાર્ડ કઢાવનાર લોકોની સમસ્યા દૂર કરવા આવતા નથી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરમાં આજરોજ તારીખ ૧૬-૧૧-૨૦૨૪ ના રોજ પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડ કઢાવવા માટે ચપ્પલો મુકી લાઈનમા લાગેલ જોવા મળેલ હતા. ત્યાં સ્થળ પર જઈ તપાસ કરતા લીમડી નગરના કમલેશભાઈ ચાર દિવસથી આધારકાર્ડ માટે આવતા હતા પણ તેમનો નંબર લાગતો ન હતો તેથી તેઓ ૧૫-૧૧-૨૦૨૪ ની રાત્રીના ૧૦ વાગ્યાથી આધાર કાર્ડ માટે ચપ્પલ મૂકી લાઈનમાં લાગેલ હોવાનું માલુમ પડેલ હતું. બીજા બધા ગ્રામીણ વર્ગના લોકોને પૂછતાં તેઓ રાત્રીના ૩ વાગે, ૪ વાગે આવેલ હોવાનું જણાવી રહેલ હતા.

હાલ નગરમાં ફૂલ ગુલાબી ઠંડી એ જોર પકડેલ છે તેવામાં વહેલી સવારથી ભૂખ્યા તરસ્યા ગ્રામીણ વિસ્તારો માથી પોતાના નાના નાના બાળકોને લઈને આધાર કાર્ડ કઢાવવા આવેલ જોવા મળેલ હતા. આ સમસ્યા છેલ્લા અઠવાડિયા થી ચાલુ છે છતાંય જવાબદાર તંત્ર કોઈ કામગીરી કરતું ન હોય તેવું જોવા મળે છે તેમજ કોઈ પણ રાજકીય વ્યક્તિ પણ આ લોકોની સમસ્યા સાંભળવા તેમજ તેને દૂર કરવા પણ આવેલ નથી. જાહેર જનતાને પડતી દુવિધામા કોઈ પણ પાર્ટીના કોઈને મદદરૂપ નથી થતા કે આ સમસ્યાના નિવારણ માટે કોઈ રજૂઆત પણ કરતા નથી.ઝાલોદ નગરપાલિકામા પહેલા રેગ્યુલર આધાર કાર્ડ અંગેની કામગીરી ચાલતી હતી પરંતુ આ કામગીરી લાંબા સમયથી બંધ છે. હાલ તો પ્રજા ઈચ્છી રહેલ છે કે આધાર કાર્ડ માટે ઠંડીમાં અડધી રાત્રે આવતા લોકોને મળી સમસ્યાનું સમાધાન લાવે તેમજ નગરપાલિકામા ફરીથી આધાર કાર્ડ તેમજ કેવાયસી ની કામગીરી રેગ્યુલર ચાલુ કરે જેથી સામાન્ય જનતાને અગવડ ન પડે.

# ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય રૂ. ૭૫,૦૦૦થી વધારીને રૂ. ૧,૦૦,૦૦૦ કરાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

ખેડૂતોને તેમની ખેતપેદાશોના બજારમાં સારા ભાવ મળે તે માટે ખેતપેદાશોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાય અને બજારમાં જ્યારે પાકના સારા ભાવ હોય ત્યારે જ ખેત પેદાશોનું વેચાણ થાય તે ખૂબ જ જરૂરી છે. પરંતુ અનેક ખેડૂતો પાસે કાપણી પછી ખેતપેદાશોને લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે કોઈ યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હતી. પરિણામે કુદરતી આફતો અને ઓછા બજાર ભાવના કારણે ખેડૂતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવતો હતો. ગુજરાતના ખેડૂતોની આ વ્યથા સમજીને રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં નવી "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના" અમલમાં મૂકી હતી. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે આ યોજના અંગે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અગાઉ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૭૫,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. ખેડૂતોને વધુમાં વધુ સહાય મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ચાલુ વર્ષે સહાયની રકમમાં વધારો કર્યો છે. હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૧,૦૦,૦૦૦ બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રાજ્યના ૩૬,૯૦૦થી વધુ ખેડૂતોને સંગ્રહ-સ્થાન ઉભું કરવા માટે રૂ. ૧૮૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. સહાયની રકમમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે આ યોજના હેઠળ રાજ્યભરના કુલ ૧૩,૯૮૨ ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવીને પોતાની ખેત પેદાશોને આશરે ૧૬ થી ૧૭ મેટ્રિક ટન જેટલી સંગ્રહ ક્ષમતા ધરાવતા ૩૩૦ ચોરસ ફૂટના આ સ્ટ્રક્ચરમાં લાંબા સમય સુધી વરસાદ, વાવાઝોડું, તીડ અને ચોરી જેવી આકસ્મિક આફતો સામે સુરક્ષિત રાખી શકશે.

## દેશમાં ૫૫૫ મા ગુરુનાનક જયંતીની ઉજવણી

# ઝાલોદ નગરમાં મેરવાની પરિવાર દ્વારા ૯ માં ગુરુનાનક જયંતીની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ગુરુ નાનક દેવ શીખ ધર્મના સ્થાપક અને પહેલા ગુરુ હતા. તેઓ એક આધ્યાત્મિક ગુરુ, કવિ અને સમાજ સુધારક હતા. ગુરુ નાનક સમાજમાંથી જ્ઞાતિવાદને દૂર કરીને દરેક મનુષ્ય એક સમાન હોવાના વિચારને પ્રાધાન્ય આપ્યું હતું. તેમણે એક ઈશ્વરની ઉપાસનાને મહત્ત્વ આપ્યું. તેમણે પોતાનો સંદેશ ગુરુબાની તરીકે નોંધીને પોતાના શ્રદ્ધાળુઓ સુધી પહોંચાડ્યો હોવાનું મનાય છે.

ભારત દેશમાં ગુરુનાનક જયંતીના ૫૫૫ માં જન્મોત્સવ ની ઉજવણી કરવામાં આવી રહેલ છે. નગરમાં મેરવાની (ધારવાળા) પરિવાર તેમના પિતાજીની સ્મૃતિમા ૯ મી ગુરુનાનક જયંતી ઉજવી રહેલ છે. મેરવાની પરિવાર તેમના પિતાની પ્રેરણા અને આશીર્વાદ થી પરિવારના સહુ સભ્યોના સહકારથી ગુરુ નાનક જયંતીની ધામધૂમ થી પ્રતિવર્ષ ઉજવી રહેલ છે. તેઓ દ્વારા આ ઉત્સવ નિમિતે સમાજ, પરિવાર તેમજ મિત્રોને બોલાવી આ ઉત્સવ ધાર્મિક વિધિ વિધાન પ્રમાણે ઉજવતા હોય છે. આ ઉત્સવ પ્રસંગે યોજવામાં આવેલ ભજન સંધ્યા તેમજ મહાપ્રસાદનો લ્હાવો આમંત્રિત મહેમાનોએ લીધો હતો તેમજ સહુ આમંત્રિત મહેમાનોએ ગુરુનાનક જયંતીની શુભેચ્છાઓ પાઠવી આવનાર સમયમાં હિન્દુ ધર્મના ઉત્સવ આવી રીતે જ ઉજવતા રહો તેવા આશીર્વાદ મેરવાની પરિવારને આપ્યા હતા.

# ભાવનગરમાં મહાપાલિકાના ૬ કર્મચારીઓની સામુહિક બદલી થઈ

। (જી.એન.એસ) ભાવનગર, તા.૧૬ ।

ભાવનગર મહાનગરપાલિકામાં વહીવટી સરળતા ખાતર આજે ગુરૂવારે કેટલાક અધિકારીઓની ફેરબદલી કરવા, વધારાનો હવાલો સોંપવા અને વધારાના હવાલામાંથી મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે. આ અધિકારીનું લીયન હાલ જયાં છે ત્યાં યથાવત રહેશે. બદલીના ઓ-ર્ડર થતા કર્મચારીઓમાં ચર્ચાનો દૌર જામ્યો હતો. મહાપાલિકામાં આજે ગુરૂવારે ૬ અધિકારીઓની આંતરીક બદલી કરવામાં આવી હતી, જયારે બે અધિકારીઓને વધારાના હવાલામાંથી મૂક્ત કરવામાં આવ્યા હતા, જેમાં કાર્યપાલક ઈજનેર સૂર્યદિપસિંહ વી. ગોહિલ હાલ રોડઝ વિભાગ સંભાળતા હતા પરંતુ હવે પછી તેઓને બિલ્ડીંગ વિભાગમાં કાર્યપાલક ઈજનેરની કામગીરી કરવાની રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.


**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.


**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.


**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.


**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.


**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.


**તુલા (ર,ત) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે.


**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.


**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.


**મકર (ખ,જ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.


**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.


**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે.

## વિવેક રામાસ્વામીએ અમેરિકામાં સરકારી નોકરીઓમાં મોટાપાયે કાપના સંકેત આપ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

ઉદ્યોગસાહસિકમાંથી રાજકારણી બનેલા વિવેક રામાસ્વામી, જેમને ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક સાથે 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી' ના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે, તેમણે યુએસમાં ફેડરલ સરકારી નોકરીઓમાં મોટા પાયે કાપ મૂકવાનો સંકેત આપ્યો છે. એલોન મસ્ક અને હું વોશિંગ્ટન ડીસીની અમલદારશાહીમાંથી લાખો બિન ઉપયોગી સરકારી કર્મચારીઓને દૂર કરવાની સ્થિતિમાં છીએ, એમ વિવેક રામાસ્વામીએ ફ્લોરિડાના માર-એ-લાગોમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. આ રીતે આપણે આ દેશને બચાવીશું. ઈલોન મસ્કની કાર્યશૈલી અંગે તેમણે કહ્યું કે, જો તમે ઈલોનને જાણો છો, તો તમને ખબર પડશે કે તે છીણી સાથે નથી આવતો, તે કરવત લઈને આવે છે. અમે આ અમલદારશાહીને ખતમ કરવા જઈ રહ્યા છીએ, અને તે ખૂબ જ આનંદદાયક બનશે.

## 'દારૂબંધીનો મતલબ છે અધિકારીઓ માટે મોટી કમાણી'

। (એજન્સી) બિહાર, તા.૧૬ ।

બિહારમાં દારૂબંધીને લઈને પટના હાઈકોર્ટે આકરી ટીપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું કે દારૂબંધીના કાયદાએ દારૂ અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓના અનધિકૃત વેપારને પ્રોત્સાહન આપ્યું છે. એટલું જ નહીં સરકારી અધિકારીઓ માટે મોટી કમાણીનું માધ્યમ બની ગયું છે. પટના હાઈકોર્ટે ૧૯ ઓક્ટોબરે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે આ કડક જોગવાઈઓ પોલીસ માટે ઉપયોગી બની ગઈ છે, જે દાણચોરો સાથેની મિલીભગતમાં છે. જસ્ટિસ પૂર્ણેન્દુ સિંહ દ્વારા ૨૪ પાનાનો આદેશ ૧૩ નવેમ્બરે અપલોડ કરવામાં આવ્યો હતો.સિંગલ બેન્ચે કહ્યું હતું કે કાયદા અમલીકરણ એજન્સીઓને છેતરવા માટે નવી પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે જેથી દાણચોરીનો માલસામાનની હેરફેર અને પરિવહન કરી શકાય. બેન્ચે કહ્યું કે પોલીસ અધિકારીઓ, આબકારી અધિકારીઓ ઉપરાંત રાજ્યના ટેક્સ વિભાગ અને પરિવહન વિભાગના અધિકારીઓ પણ પ્રતિબંધને પસંદ કરે છે. જેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે તેઓ તેનાથી જંગી કમાણી કરે છે.કોર્ટની આ ટિપ્પણી ખાગડિયાના રહેવાસી મુકેશ કુમાર પાસવાનની અરજીના જવાબમાં છે. નવેમ્બર ૨૦૨૦માં પટનાના બાયપાસ પોલીસ સ્ટેશનના નિરીક્ષકના પદ પરથી તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો જ્યારે રાજ્યના આબકારી વિભાગે દરોડામાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

### સુનીતા વિલિયમ્સ પર મોટો ખતરો

# આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં તિરાડો પડી, ૫૦ જગ્યાએ લીકેજ

### કબાનાએ જણાવ્યું હતું કે લીકેજને રોકવા માટે ઓપરેશન ચલાવવાથી થોડા સમય માટે રાહત મળી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

નાસા પણ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ને લઈને ટેન્શનમાં આવી ગયું છે. છેલ્લા પાંચ વર્ષથી ISSમાં થોડાં-થોડાં લીકેજ હતા. જો કે, હવે એવું જાણવા મળ્યું છે કે ISSમાં ઓછામાં ઓછા ૫૦ જગ્યાએ લીકેજની સમસ્યા સર્જી છે. આ સિવાય ISSમાં તિરાડો પણ દેખાઈ રહી છે. નાસાનો એક તપાસ રિપોર્ટ લીક થઈ ગયો હતો જેમાં ખુલાસો થયો કે ISS મોટા ખતરામાં છે. આ ઉપરાંત સુનિતા વિલિયમ્સ સહિત અહીં રહેતા અવકાશયાત્રીઓના જીવ પણ જોખમમાં મૂકાયા છે.રશિયાએ પૃથ્વીની આસપાસ ફરતી લેબમાં માઈક્રો વાઈબ્રેશનનો પણ દાવો કર્યો છે. નાસાનું કહેવું છે કે સ્પેસ સ્ટેશનમાંથી મોટી માત્રામાં હવા નીકળી રહી છે, જે ખતરાની ઘંટડી છે. જો કે લોકોના જીવ



બચાવવા અને ઉકેલ શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ ISSમાં છેલ્લા પાંચ વર્ષથી લીકેજની સમસ્યા છે. પ્રથમ લીક સ્પેસ સ્ટેશનમાં હાજર યવેઝદા મોડ્યુલમાંથી શરૂ થયું હતું, જે ડોકિંગ પોર્ટ તરફ દોરી જતી ટનલ છે. આ ભાગનું નિયંત્રણ રશિયાના હાથમાં છે. જોકે, નાસા અને રશિયન એજન્સી રોસકોમોસ વચ્ચે આ સમસ્યાનું સાચું કારણ શું છે તે અંગે હજુ સુધી કોઈ સહમતિ નથી બની શકી. જાણીતા મીડિયા અનુસાર, નાસાના અવકાશયાત્રી બોબ કબાનાએ કહ્યું કે સ્પેસ એજન્સીએ આ લીકેજ અંગે ચિંતા વ્યક્ત કરી છે.કબાનાએ જણાવ્યું હતું કે લીકેજને રોકવા માટે ઓપરેશન ચલાવવાથી થોડા સમય માટે રાહત મળી શકે છે પરંતુ તે કાયમી ઉકેલ નથી. અમેરિકા કહે છે કે આ સુરક્ષિત નથી. લીકેજ પ્રથમ વખત ૨૦૧૯ માં શોધી કાઢવામાં આવ્યું હતું. આ પછી, એપ્રિલ ૨૦૨૪ થી, દરરોજ ૧.૭ કિલોના દરે હવા લીક થવા લાગી. સામાન્ય રીતે સાતથી દસ અવકાશયાત્રીઓ ISSમાં રહે છે. રશિયન એન્જિનિયરોએ માઈક્રો વાઈબ્રેશન વિશે વાત કરી છે. નાસાએ આ ખતરાને ટાળવા માટે કેટલાક પગલાં લીધાં છે. આ સિવાય અહીં હાજર અવકાશયાત્રીઓને પણ વધારાની સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

## જેના અગ્નિ સંસ્કાર કર્યા એ યુવક બેસણા બાદ જીવતો ઘરે આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

જેના અગ્નિ સંસ્કાર કર્યા એ યુવક બેસણા બાદ જીવતો ઘરે આવ્યો, જાણો ગુજરાતમાં ક્યાં બની આ ઘટનાપરિવારનું કોઈ સભ્ય અવસાન પામે ત્યારે જે તે પરિવાર પર આભ તૂટી પડે એવી સ્થિતિ સર્જાય છે. થોડીક કલાકો પહેલા અથવા આગલા દિવસે પરિવારના જે સભ્યને સાજા-સારા વાતો કરતા જોયા હોય અને બીજા દિવસે અવસાન પામે ત્યારે થોડીવાર તો પરિવારના સભ્યોને માનવામાં જ ન આવે કે આ સભ્ય હવે આપણી વચ્ચે નથી. પણ પછી હરિ ઈચ્છા બલવાન માનીને પરિવારના સભ્યો ભારે હૈયે પોતાના સ્વજનને વિદાય આપે છે. તેના અંતિમસંસ્કાર કરે છે અને મૃત્યુબાદની તમામ વિધિ કરે છે. પણ જેને મૃત માનીને જેના અંતિમસંસ્કાર કર્યા હોય, પરિવારનો એ જ સભ્ય જીવતો ઘરે આવે તો કેવી સ્થિતિ સર્જાય? ગુજરાતમાં આ માન્યામાં ન આવે એવી ઘટના ઘટી છે. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં પ્રભુનગર સોસાયટીમાં રહેતો બ્રિજેશ સુથાર નામનો એક યુવક પરિવારને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. આ યુવક અમદાવાદમાં શેરબજારમાં રોકાણ કરતો હતો અને થોડા દિવસોથી ટેંશનમાં રહેતો હતો. તેના પરિવારના સભ્યોએ નરોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સાબરમતી પોલીસને બ્રિજ પાસે એક યુવકનો મૃતદેહ મળ્યો હતો. મૃતદેહની ઓળખ પોલીસે ગુમ યુવક બ્રિજેશ ઉર્ફે પીન્ટુ સુથાર તરીકેની કરી તેના પરિવારને જાણ કરી હતી અને મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. બ્રિજેશ ઉર્ફે પીન્ટુ સુથારના તેના પરિવારે અગ્નિસંસ્કાર કરી નાંખ્યા અને ગઈકાલે ૧૪ નવેમ્બરે તેનું બેસણું હતું. દરમિયાન આજે ૧૫ નવેમ્બરે બ્રિજેશ ઉર્ફે પીન્ટુ સુથાર તેના ઘરે આવ્યો હતો. બ્રિજેશને જીવતો જોઈને તેના પરિવારના સભ્યો ચોંકી ઉઠ્યા હતા. ઘરનું ઉદાસ વાતાવરણ અચાનક જ ખીલી ઉઠ્યું. રડતા પરિવારના સભ્યોની આંખોમાં હર્ષના આંસુ વહી રહ્યાં હતા. સાથે એ પણ વિચારીર રહ્યા હતા કી આવું કેવી રીતે બન્યું. બ્રિજેશને સામે જોતા તેનો પરિવાર પણ મૂંઝવણમાં મુકાઈ ગયો કે અગ્નિસંસ્કાર કોના કર્યા? સમગ્ર મામલે હવે અંતિમસંસ્કાર કોના થયા તેની પોલીસે તપાસ શરૂ કરી છે. જે મૃતદેહ મળ્યો હતો એ કો અજાણ્યા પુરુષનો હતો. હવે પોલીસ અગ્નિસંસ્કાર થઈ ગયા તેના પરિવાર અને સ્વજનોને શોધવા માટે કામે લાગી છે.

# ઝાંસીની મેડિકલ કોલેજમાં ૧૦ નવજાત બાળકો જીવતા સળગ્યા

। (એજન્સી) ઝાંસી, તા.૧૬ ।

ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજના શિશુ વોર્ડ (SNCU)માં શુક્રવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે ભીષણ આગ લાગી હતી. અકસ્માતમાં ૧૦ નવજાત બાળકો દાઝી ગયા હતા. તેમના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા છે. આગની ઘટના બાદ બારી તોડીને ૩૭ બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા, જેમની સારવાર ચાલી રહી છે.

ઝાંસીની આગની ઘટના પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ એક્શનમાં આવ્યા છે, ઘટનાસ્થળે મોકલેલા ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે કહ્યું કે દોષિતોને બક્ષવામાં આવશે નહીં. સીએમ યોગીએ કમિશનર અને ડીઆઈજી પાસેથી ૧૨ કલાકમાં તપાસ રિપોર્ટ માંગ્યો છે. ઝાંસી મેડિકલ કોલેજમાં ગઈકાલે રાત્રે લાગેલી આગમાં ૧૦ નિર્દોષ લોકોના મોત થયા હતા.



મેડિકલ કોલેજના બાળકોના ICUમાં આગ લાગી હતી. અકસ્માત સમયે NICUમાં ૫૫ બાળકો હતા જેમાંથી ૩૭ બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે તમામ બાળકોને બહારના વોર્ડમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. પરંતુ અંદરના વોર્ડમાં રહેલા બાળકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. આગની ઘટના બાદ હોસ્પિટલની બહાર પરિવારજનોના ટોળા ઉમટી પડ્યા છે અને જીવ ગુમાવનાર બાળકોના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે. અકસ્માતમાં પોતાના ૭ મહિનાના બાળકનો જીવ ગુમાવનાર એક માતાએ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે આગ લાગ્યા બાદ તે પણ તેના બાળકને બચાવવા દોડી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આગની ઘટના બાદ ૧૬ બાળકોને મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. ૭ બાળકોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ઓક્સિજન કોન્સન્ટ્રેટરમાં સ્પાર્કિંગના કારણે આગ લાગી હતી. સીએમ યોગીએ દુર્ઘટના બાદ તરત જ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે કમિશનર અને ડીઆઈજીને ૧૨ કલાકમાં રિપોર્ટ આપવા આદેશ કર્યો હતો.

# પીએમ મોદીના નેતૃત્વમાં ભારતને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે : ચંદ્રાબાબુ નાયડુ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૬ ।

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રબાબુ નાયડુએ જેલમાં વિતાવેલા તેમના સમય, તેમની રાજકીય સફર, ગઠબંધન સરકાર અને ભારતની તકનીકી પ્રગતિ વિશે ખુલીને વાત કરી હતી. ચંદ્રાબાબુએ એચટી સમિટમાં દાવો કર્યો હતો કે તેમની ધરપકડ કરવામાં આવે તે પહેલા કોઈ પૂર્વ માહિતી આપવામાં આવી ન હતી. આ અનુભવે તેમનો સંકલ્પ વધુ મજબૂત કર્યો. આંધ્રના સીએમએ જણાવ્યું હતું કે તેમણે જીવનભર શિષ્ટાચાર જાળવી રાખ્યો હતો અને જાહેર નીતિઓનું સખતપણે પાલન કર્યું હતું. તેણે કહ્યું કે જે કંઈ પણ થયું તેના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો. પીએમ મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે તેઓ ખૂબ જ મજબૂત અને પ્રગતિશીલ નેતા છે, જેમણે મોટા વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. ભારતનો ૭.૫૮% વિકાસ દર આનો પુરાવો છે. નાયડુએ કહ્યું કે ચૂંટણી અને સરકાર પ્રત્યેના તેમના અભિગમમાં પીએમ મોદીની સતત તૈયારી અને નિશ્ચય સ્પષ્ટપણે દેખાય છે. આંધ્રના સીએમએ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં ભારતને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે. "ભારતની બ્રાન્ડ" ખૂબ જ મજબૂત છે. દેશમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. તેલુગુ દેશમ પાર્ટીની તાજેતરની ચૂંટણીમાં મળેલી સફળતા અંગે ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે અગાઉની સરકારથી નિરાશાએ આંધ્રપ્રદેશમાં નવી સરકાર બનાવવામાં મદદ કરી હતી. ભાજપ અને પવન કલ્યાણની પાર્ટી પણ આ સરકારમાં સહયોગી છે. તેમના રાજકીય વિકાસ પર, ટીડીપી નેતાએ કહ્યું કે તેઓ ચૂંટણી હારી ગયા જ્યારે તેમને તેમના નામ પર ગર્વ હતો. હવે તેમનું સમગ્ર ધ્યાન લોકોને સાથે લઈને તેમના ભલા માટે કામ કરવા પર છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે રાષ્ટ્રીય હિત ખાતર તેમણે વીપી સિંહ અને અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની સરકારોને સમર્થન આપ્યું હતું. તે સરકારમાં તેમના પક્ષની ભૂમિકાને ટાંકીને, તેમણે રાજકારણને આકાર આપવાના તેમના પક્ષના ઈતિહાસ વિશે પણ વાત કરી.

# ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૩૫ રનથી હરાવ્યું, ચાર મેચની શ્રેણી 3 - ૧થી જીતી

।(એજન્સી) જોહાનિસબર્ગ,તા.૧૬।

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકા સામેની ચોથી ટી ૨૦ મેચ જીતીને શ્રેણી ૩-૧થી જીતી લીધી. સંજુ સેમસન અને તિલક વર્માની શાનદાર પાવર હિટિંગ ઈનિંગ્સ બાદ ભારતે અર્શદીપ સિંહની આગેવાની હેઠળના બોલરોના જોરદાર પ્રદર્શનને કારણે ચોથી ટી ૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૩૫ રનથી હરાવ્યું હતું.

ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં એક વિકેટે ૨૮૩ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની આખી ટીમ ૧૮.૨ ઓવરમાં ૧૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી અર્શદીપે ત્રણ જ્યારે વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલે બે-બે વિકેટ ઝડપી હતી. હાર્દિક પંડ્યા, રમનદીપ સિંહ અને રવિ બિશ્નોઈએ એક-એક વિકેટ લીધી હતી. ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને પાવરપ્લેમાં જ તેણે ચાર વિકેટ ગુમાવી દીધી હતી. યજમાન ટીમ માટે ટ્રિસ્ટન સ્ટબ્સ અને ડેવિડ મિલરે મક્કમ ઈનિંગ રમીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ બંને બેટ્સમેનના આઉટ થયા બાદ દક્ષિણ આફ્રિકાની ટીમ વાપસી કરી શકી ન હતી અને વિશાળ સ્કોર સામે ઝઝૂમી હતી. દક્ષિણ આફ્રિકા માટે સ્ટબ્સે સૌથી વધુ ૪૩ રન બનાવ્યા જ્યારે મિલરે ૩૬ રન બનાવ્યા. માર્કો જેન્સન ૧૨ બોલમાં બે ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. આ પહેલા છેલ્લી બે મેચમાં પોતાનું ખાતું પણ ખોલાવી ન શકનાર સેમસને ફરી એકવાર સદી ફટકારી હતી જ્યારે તિલક સતત બીજી મેચમાં સદી ફટકારી હતી. તિલકે ૪૭ બોલમાં નવ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી અણનમ ૧૨૦ રન અને સેમસને ૫૬ બોલમાં છ ચોગ્ગા અને નવ છગ્ગાની મદદથી અણનમ ૧૦૯ રન બનાવ્યા હતા. આ સાથે સેમસન અને તિલકએ ટી૨૦માં ભારત માટે સૌથી મોટી ભાગીદારી પણ કરી હતી.

## વિશેષ

### ધરતી આબા ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો નેત્રંગથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે શુભારંભ

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતમાં ભરૂચ જિલ્લાના નેત્રંગમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિ-જનજાતિય ગૌરવ દિવસની શાનદાર ઉજવણી

। (માહિતી) ભરૂચ ।

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં જનજાતિય ગૌરવ દિવસની ભરૂચ જિલ્લાના નેત્રંગ સ્થિત ભક્તિધામ સ્વામીનારાયણ મંદિર ખાતે ઉલ્લાસમય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદ વિધાનસભાના ધારાસભ્ય શ્રી રમણભાઈ સોલંકી અને ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. આદિવાસી જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિની સૌ આદિવાસી બાંધવોને શુભકામના પાઠવી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ઝારખંડના જમુઈ વિસ્તારના ખૂંટી ખાતે સામાન્ય આદિવાસી પરિવારમાં જન્મેલા ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની ઉંમરે અંગ્રેજો સામે બાથ ભીડી અને ભારતની આઝાદી માટે પોતાની સેના તૈયાર કરી એજ તેમની અદમ્ય શક્તિ, ન્યાયપ્રિયતા અને લોકો માટે લડવાના તેમના સાહસને આજે આપણે સૌ યાદ કરીએ છીએ. માત્ર એટલું જ નહીં પણ આદિવાસી સમાજમાં તે સમયે પ્રવર્તતા કેટલાંક કુરિવાજો અને વિકાસ માટેના અવરોધોને દૂર કરી અંધવિશ્વાસમાંથી બહાર લાવી, યુવાનોમાં જોવા મળતા વ્યસનોને દૂર કરી તેમણે આદર્શ જીવન જીવવાનો નવો રાહ ચીંધ્યો હતો. માત્ર ૨૫ વર્ષની ઉંમરે કરેલા મહાન કાર્યો બાદ ક્રાંતિકારી, પ્રગતિવાદી ભગવાન બિરસા મુંડાનું મૃત્યુ પણ કોઈ સામાન્ય બાબત નથી, તે આદિવાસી સમાજ સહિત સૌ કોઈ માટે પથદર્શક અને પ્રેરણા પૂરી પાડનાર છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આદિવાસી સમાજના મહાનાયકના કાર્યોને યાદ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યોને આપણા સૌની સમક્ષ મૂકી જનજાતિ સમુદાયને સન્માન અપાવ્યું છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારથી જ ધરતી આબા ભગવાન બિરસા મુંડાના કાર્યોને યાદ કરી આપણા સૌની સમક્ષ મૂક્યા અને તેમના સન્માનમાં અનેક કાર્યક્રમો પણ કર્યા. આદિવાસી સમુદાયના ઉત્થાન માટે તેમના નામથી યોજનાઓ શરૂ કરાવી હતી. આદિવાસી સમુદાયની કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે હાલમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર વિવિધ તબક્કે અલાયદા બજેટની જોગવાઈ થકી આદિવાસી સમાજના વિકાસને વેગવાન બનાવી રહી છે. રાજ્યપાલશ્રીએ એમ પણ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વિસ્તારોમાં પોતાના જીવનનો કેટલોક સમય વિતાવ્યો હતો. જેથી ગરીબીને તેમણે નજીકથી નિહાળી હતી. જેના પરિણામે તેઓએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં જનજાતિ સમુદાયના બાળકોના શિક્ષણ માટે



અંતરિયાળ વિસ્તારોમાં મોડેલ સ્કૂલો, રેસિડેન્સિયલ શાળાઓના માધ્યમથી શિક્ષણની જ્યોતને વધુ મજબૂત કરી આદિવાસી સમુદાયના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું. શહેર જેવી જ સુવિધા ગામડાઓમાં મળી રહે તે માટે અનેક માળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી વિકાસના ફળ આદિવાસી સમુદાયના નાગરિકોને ચખાડ્યા છે. રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી રાષ્ટ્રનો ખેડૂત સમૃદ્ધ બને તે દિશામાં સતત કામ કરી રહ્યા છે. ગુજરાતના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને મિશનની માફક અપનાવી જેનાથી આજે રાજ્યમાં ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શનમાં સમગ્ર જિલ્લામાં ચાર હજાર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું પ્રમાણીકરણ મળ્યું જે અંગેના મિશનને રાજ્યપાલશ્રીએ બિરદાવ્યું હતું. આ નોંધાયેલા ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેતીની ઉપજને બજારમાં સારા ભાવે વેચીને આર્થિક સમૃદ્ધિ થકી પોતાના પરિવારને આત્મનિર્ભર બનાવી શકશે. આદિવાસી સમુદાય તેમના પૂર્વજોથી જ પ્રાકૃતિક ખેતી કરતો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી પ્રાચીન ગરિમા, આસ્થા અને વિરાસતના કેન્દ્રોને પુનઃસ્થાપિત કરવાનું કામ કરી રહ્યા છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું હતું કે, વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા આપણે સૌ ઈમાનદારીથી યોગદાન આપી ભારતને વિશ્વગુરૂ બનાવવા પ્રતિબદ્ધ થઈએ ત્યારે જ ભગવાન બિરસા મુંડાને સાચી શ્રદ્ધાંજલિ અર્પી કહેવાશે. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું કે, આદિવાસી સમાજના ચિરાગ તરીકે કાર્ય કરી ગયેલા ભગવાન બિરસામુંડાના કાર્યોને આજે આપણે સૌ યાદ કરીએ છીએ. આદિવાસી સમાજના ઉત્થાન માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ સતત કાર્યરત રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમના કાર્યોને સુપેરે આગળ ધપાવી રહ્યા છે. આદિવાસી સમાજની જન સુખાકારી માટે અનેક યોજનાઓ બનાવી બજેટમાં પણ અલાયદી વ્યવસ્થા કરી છે. આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શાળામાં નવા ઓરડા, પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ, નિવાસી શાળાઓ, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના વર્ગો, વિદેશ અભ્યાસ માટે સ્કોલરશીપ અને બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી રાજપીપલામાં સ્થાપના કરી શિક્ષણને વધુ વેગવાન બનાવ્યું છે તેમ તેઓએ ઉમેર્યું હતું. ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ ભગવાન બિરસામુંડાના કાર્યોને યાદ કરી તેમણે આપેલા વિચારો થકી આદિવાસી સમાજને કુરિવાજો, અંધશ્રદ્ધા અને વ્યસનથી દૂર કરવાની પહેલને સ્વીકારી આદિવાસી સમાજની ઉન્નતિ માટે સતત પ્રયત્નશીલ રહીએ અને રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક કૃષિના અભિયાનને અપનાવી ભાવી પેઢીને સ્વસ્થ જીવવનની ભેટ આપીએ તેમ કહ્યું હતું. આ વેળાએ ધરતી આબા ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો નેત્રંગ ખાતેથી રાજ્યપાલશ્રીના હસ્તે શુભારંભ કરાયો હતો. તેમજ આદિજાતિ વિભાગના યોજનાકીય લાભોનું લાભોર્થીઓને રાજ્યપાલશ્રીના હસ્તે વિતરણ કરાયું હતું. આ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના જમુઈથી પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન-પીએમ જનમનના લાભાર્થીઓ સાથે ઈ-સંવાદ કર્યો હતો. અને આ સાથે જ ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમનું સોએ લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સ્વામીનારાયણ મંદિરના પરિસરમાં રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

## ધૂળ અને ધુમાડાનાં કારણે વાયુ પ્રદુષણ દિનપ્રતિદિન વધતુ જઇ રહ્યું છે

# પોલ્યુશન વધશે ત્યાં મિસ્ટવાન હવામાં પાણીનાં ફુવારા છોડશે

### પૂર્વ અમદાવાદમાં ફેક્ટરીઓ-વાહનોનાં ધુમાડા તેમજ પીરાણા ડમ્પ સાઇટનાં કારણે વાયુ પ્રદુષણ વધી ગયું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

શહેરનાં વિવિધ વિસ્તારોમાં ધૂળ અને ધુમાડાનાં કારણે વાયુ પ્રદુષણ દિનપ્રતિદિન વધતુ જઈ રહ્યું છે અને તેમાંય ખાસ કરીને પૂર્વ તથા દક્ષિણ ઝોનમાં તો પ્રદુષણની માત્રા અસહ્ય બની રહી હોવાથી મ્યુનિ. સત્તાધીશોએ પર્યાવરણની જાળવણી કાજે ઠેર ઠેર પોલ્યુશન સેન્સર લગાવવાનો અને જ્યાં પણ પોલ્યુશન વધ્યાની જાણ થશે ત્યાં હવામાં પાણીનાં ફુવારા છોડતી મિસ્ટવાન દોડાવવાનો નિર્ણય લીધો છે.

મ્યુનિ. સ્ટે.કમિટીની બેઠક બાદ ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યું હતું કે, શહેરનાં પશ્ચિમ વિસ્તારમાં ધૂળ અને રજકણોનાં કારણે વાયુ પ્રદુષણમાં વધારો નોંધાયો છે, જ્યારે પૂર્વ અમદાવાદમાં ફેક્ટરીઓ-વાહનોનાં ધુમાડા તેમજ પીરાણા ડમ્પ સાઈટનાં કારણે વાયુ પ્રદુષણ વધી ગયુ છે. જેને ડામવા માટે અનેકવિધ પગલા લેવાઈ



રહ્યાં છે. તેમણે કહ્યું કે, શહેરમાં વાયુ પ્રદુષણ ઘટાડવા માટે તેમજ તેનાથી ગરમીનુ પ્રમાણ વધે છે તેને અંકુશમાં લેવા માટે સૌપ્રથમ વૃક્ષારોપણ અને બાગબગીચા ડેવલપમેન્ટની કામગીરી પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે. તદઉપરાંત ઓપન સ્પેસ અને અન્ય ખુલ્લી જગ્યાઓમાં ઘનિષ્ઠ વનીકરણ કરવામાં આવ્યુ છે. આ સિવાય મ્યુનિ. દ્વારા જાહેર પરિવહન સેવામાં ઈલે.બસોનો ઉપયોગ શરૂ કરવામા આવ્યો છે અને નાગરિકો પણ ઈલે. વાહનોનો ઉપયોગ કરવા પ્રેરાય તે માટે વ્હિકલ ટેકસમાં રાહત સહિતના પગલા લેવામાં આવી રહ્યાં છે. તેમણે કહ્યું કે, શહેરી વાયુ પ્રદુષણ ઘટાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવી રહી છે, તેનો સદઉપયોગ કરીને શહેરમાં પોલ્યુશન સેન્સર લગાવવામાં આવશે. તેમાં ખાસ કરીને પૂર્વ તથા દક્ષિણ ઝોનમાં વધુ સંખ્યામાં સેન્સર લગાવાશે. જ્યારે અન્ય ઝોન અને વિસ્તારોમાં સાતસો મીટરનાં અંતરે પોલ્યુશન સેન્સર લગાવાશે. શહેરમાં જેટલાં પોલ્યુશન સેન્સર લગાવાશે તેના માટે પાલડી સ્થિત સ્માર્ટ સિટીનાં કમાન્ડ સેન્ટરમાં અલાયદો કંટ્રોલરૂમ શરૂ કરાશે. જ્યાં જે તે વિસ્તારમાં પોલ્યુશન અમુક હદથી વધી જશે તેનુ એલાર્મ વાગે તેવી સિસ્ટમ ગોઠવાશે અને તરત જ હવામાં પાણીનાં ઝીણા ફુવારા છોડતી મિસ્ટવાન મોકલવામાં આવશે. આ મિસ્ટવાન વાયુ પ્રદુષણ વધારે હશે તેવા વિસ્તારમાં જઈ પાણીનાં ફુવારા છોડી ધૂળ-રજકણ અને ધુમાડાને જમીનદોસ્ત કરશે અને હવાને શુધ્ધ કરશે. જોકે મ્યુનિ. સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, શહેરમાં પૂર્વ અને દક્ષિણમાં ધૂળ, બાંધકામ સાઈટોમાંથી સિમેન્ટ-રેતીનાં રજકણ, વાહનો-ફેક્ટરીઓનાં ધુમાડા અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ પીરાણા ડમ્પ સાઈટનાં કારણે સાંજ પડ્યે અતિ પ્રદુષિત વાતાવરણ છવાઈ જાય છે અને હાલમાં તો રાતનાં સમયે અમુક મીટરથી વધુનાં અંતરનુ જોઈ શકાય નહિ તેવુ પોલ્યુશન ફેલાઈ જાય છે. સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, શહેરમાં બાંધકામ અને જુની સ્કીમોની તોડફોડની સાથે ખુલ્લા પ્લોટ અને વોલ ટૂ વોલ રોડનાં અભાવનાં કારણે પણ વાયુ પ્રદુષણ વધે છે. તેના કારણે રાત્રે પાર્ક કરેલાં વાહનો ઉપર ધૂળ જામી ગયેલી જોવા મળે છે તે શહેરની હવામાં ધૂળ-રજકણનાં પ્રદુષણનુ ઉત્તમ ઉદાહરણ છે.

**ન્યૂઝ બ્રિફ**

## ૭ લાખ પદયાત્રીઓએ પૂરી કરી પરિક્રમા, પ્રવેશ ગેટ કરાયો બંધ

। (એજન્સી) જૂનાગઢ,તા.૧૬ ।

ગરવા ગિરનારની ચાલતી લીલી પરિક્રમા પૂર્ણ થઈ ગઈ છે. પ્રવાસીઓને જે જગ્યાએથી પ્રવેશ આપવામાં આવે છે, તે ઈંટવાગેટ પ્રવેશ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓ હાલમાં પરિક્રમા પૂર્ણ કરી વતન તરફ જવા માટે રવાના થયા છે. આ સાથે અંદાજિત સાત લાખથી વધુ લોકોએ આ પરિક્રમા પૂર્ણ કરી છે. હાલમાં અમુક શ્રદ્ધાળુઓ પરિક્રમા રૂટ પર હજુ પણ છે. આ તમામ શ્રદ્ધાળુઓ સાંજ સુધીમાં પરિક્રમા પૂર્ણ કરી લેશે તેવો અંદાજ છે. અત્યારે કોઈને પણ પરિક્રમા રૂટ પર પ્રવેશ આપવા દેવામાં આવતો નથી. જેને લઈને ઈંટવાગેટ ખાતેનો પ્રવેશ દ્વાર પણ બંધ કરી દેવામાં આવ્યો છે. અંદાજિત ૭ લાખથી વધુ લોકોએ આ પરિક્રમા પૂર્ણ કરી છે. દર વર્ષે આ આંકડો દસ લાખથી ઉપરનો હોય છે. દર વર્ષે જે પ્રમાણે પરિક્રમાથીઓ આવતા હોય છે તેમાં ૧૨ થી ૧૩ લાખનો આંકડો પણ નોંધાતો હોય છે. પરંતુ આ વર્ષે પરિક્રમાથીઓ એટલે કે ભાવિક ભક્તોનો આંકડો ખૂબ ઓછો નોંધાયો છે. આટલા વર્ષોની સરખામણીએ પરિક્રમામાં શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટી છે. શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટવા પાછળનું કારણ વરસાદની તીવ્રતા પણ માનવામાં આવે છે. દર વર્ષે જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમા કરવા માટે ગામડામાંથી મોટાભાગના ખેડૂતો આવે છે. આ વર્ષે ઓક્ટોબર માસમાં ભારે વરસાદ પડવાથી પાકમાં નુકસાની પહોંચી હતી. જેથી ખેડૂતોને સારી આવક થઈ નથી. બીજી તરફ ખેડૂતો શિયાળુ પાકનું વાવેતર પણ શરૂ કરવાના મૂડમાં પણ છે. પરંતુ અત્યારે મજૂરોની અછત પણ વર્તાઈ રહી છે. જેથી ખેડૂતો બહાર જવાની જગ્યાએ અત્યારે હાલમાં પોતાના ખેતરમાં બાકી રહેલું કામ પૂર્ણ કરી રહ્યા છે. તેથી આ પરિક્રમામાં ભાવિકોની જે ભીડ છે, તે ઓછી જોવા મળી છે, તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

## આયુષ હોસ્પિટલમાં હૃદયની જગ્યાએ મગજનું ઓપરેશન કર્યુ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૬ ।

ખ્યાતીકાંડ બાદ રાજ્યમાં હોસ્પિટલની બેદરકારીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. હવે જૂનાગઢની આયુષ હોસ્પિટલ વિવાદમાં આવી છે. વેરાવળની એક મહિલા આયુષ હોસ્પિટલમાં હૃદયની સારવાર માટે આવી હતી. પરંતુ દર્દીના પરિવારજનોનો આક્ષેપ છે કે હોસ્પિટલના તબીબોએ હૃદયના બદલે મગજનું ઓપરેશન કર્યું છે. મગજના ઓપરેશન બાદ મહિલાની હાલત અત્યંત ગંભીર છે. કોમામાં જતી રહેલ મહિલાના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. હોબાળાને કારણે હોસ્પિટલ મેનેજમેન્ટે મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત પોતાની બેદરકારી છુપાવવા દર્દીના પરિવાર માટે રહેવા અને ખાવાની વ્યવસ્થા પણ કરી હતી. જો કે મહિલાને ૨૪ કલાક ICUમાં રાખવા છતાં ડોક્ટર દર્દીની સ્થિતિ અંગે માહિતી આપતા ન હોવાનો પરિવારજનોનો આક્ષેપ છે. દર્દીના પુત્ર રમેશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે અમે અમારી માતાને હૃદયની બિમારી અંગે હોસ્પિટલમાં આવ્યા હતા.

## સરસ્વતીના કાંઠે ખાડાના પાણીમાં તર્પણ કરવા લોકો મજબૂર

# સિદ્ધપુરમાં સાત દિવસીય કાર્તિકીનો મેળો શરૂ

### રાજ્ય અને રાજ્ય બહારથી પણ શ્રદ્ધાળુઓ પોતાના મૃતક સ્વજનોની તર્પણ વિધિ કરવા માટે સરસ્વતિ નદીના તટે પધારે છે

। (એજન્સી) સિદ્ધપુર, તા.૧૬ ।

આ વર્ષે રિવરફ્રન્ટની કામગીરી ચાલુ હોવાથી નદીમાં નીર છોડવામાં આવ્યા નથી. જેના કારણે તર્પણ વિધિ કરવા આવેલા શ્રદ્ધાળુઓ અને સ્થાનિકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. આ સિવાય દર વખત કરતાં આ વખતે શ્રદ્ધાળુઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. આ સાત દિવસીય મેળાની પાલિકા અને તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરી દેવાઈ છે. પરંતુ, સરસ્વતિ નદીમાં પાણી નહીં હોવાથી શ્રદ્ધાળુઓ મની નદીની જમીનમાં ખાડો ખોદી દૂષિત પાણીમાં તર્પણ કરવા મજબૂર બન્યા હતાં.

સિદ્ધપુર નગરપાલિકાની નવીન બોડીના વહીવટમાં આ બીજો મેળો યોજાઈ રહ્યો છે. ચોંકાવનારી વાત તો એ છે કે ગત વર્ષે કાર્તિકી મેળામાં હોનારત માટે જવાબદાર ગણાતા ઠેકેદાર શ્રીનાથ ટેન્ડર એન્ડ લાઈટને ફરીથી ટેન્ડર આપવામાં આવ્યું છે. નગરપાલિકાને મોટા પ્લોટની હરાજીમાં ૬,૫૧,૬૧૧ રૂપિયા તેમજ નાના પ્લોટની હરાજીમાં ૩.૮૧ લાખ



રૂપિયાની આવક થઈ છે. સિદ્ધપુર પ્રાંત અધિકારી દ્વારા ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી મેળાને મંજૂરી આપી છે. આ સાત દિવસ લોકો રાતના ૧૨ વાગ્યા સુધી મેળાની મજા માણી શકશે. સમગ્ર મેળા દરમિયાન એક્ઝિક્યુટિવ મેજિસ્ટેટ સહિતના અધિકારીઓ રાઉન્ડ ધ ક્લોક ચેકિંગ કરે છે. સમગ્ર મેળા પર ૭૦ સીસીટીવી કેમેરા અને બે ડ્રોનથી બાજ નજર રાખવાની વ્યવસ્થા કરાઈ છે અને તેના માટે ૨૨ ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. સિદ્ધપુરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રીએ કાર્તિકી મેળાનું લોકાર્પણ કરાયું હતું. સિદ્ધપુર તાલુકા હેલ્થ વિભાગે આરોગ્યની તકેદારીના ભાગરૂપે બે ટીમ રાઉન્ડ ધ ક્લોક ગોઠવી છે. જેમાં પાંચ લોકોનો સ્ટાફ હાજર રહેશે. બે એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. મેળામાં આવનાર લોકોને તાત્કાલિક ધોરણે સ્થળ પર જ સારવાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગને સજ્જ રાખવામાં આવ્યું છે. કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે સિદ્ધપુર બિંદુ સરોવર, અશોક સિનેમા અને કહોડા ગામ તેમજ લાલપુર ગામમાં વાહન પર પ્રતિબંધ લગાવાયો છે. આ સાથે મેળામાં છ પોલીસ ટેન્ટ તેમજ ૪ ટાવર સહિત સમગ્ર મેળા માટે એક ડી.વાય. એસ.પી, પાંચ પી.આઈ, અઢાર પી.એસ. આઈ, ૨૫૦ પોલીસ જવાન, ૧૨૦ હોમગાર્ડ તેમજ ૧૫૦ જીઆરડી ખડેપગે રખાયા છે. સિદ્ધપુર યુજીવીસીએલ દ્વારા કાર્તિકી મેળા માટે ૧૨ નવેમ્બરથી ૨૩ નવેમ્બર સુધી વીજ પુરવઠો અકબંધ રાખવા મેળાની જમીનમાં પાંચ ડીપી ઊભા કરવામાં આવ્યા છે.

**કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા**

## સેટેલાઈટની વૃદ્ધ મહિલાને ડિજિટલ અરેસ્ટ કરી ૭૯ લાખ પડાવી લીધા

। (એજન્સી) અમદાવાદ,તા.૧૬ ।

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતી વૃદ્ધાને ડિજીટલ એરેસ્ટ કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચર્યા કેસમાં પકડાયેલ નકલી સીબીઆઈ અધિકારીએ કોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કેસમાં પકડાયેલ બેંગ્લોરના યુવકએ સીબીઆઈ અધિકારી તરીકેની ઓળખ આપી ફરિયાદી પાસે પૈસા પડાવવા બનાવટી વોરન્ટ મોકલ્યું હતું અને વૃદ્ધાને ડિજીટલ એરેસ્ટ કર્યા હતા.

જેમાં આરોપીના વકીલે તરફે મુખ્યત્વે એવી રજૂઆત કરી હતી કે, આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે, આ કેસમાં પ્રત્યક્ષ રીતે મારો કોઈ જ રોલ નથી, અને કોર્ટ પાસે જામીન આપવાની સત્તા રહેલી છે. અને આરોપીને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા માટે તૈયાર છે. તેથી કોર્ટે જામીન પર મુક્ત કરવો જોઈએ. જોકે આ જામીન અરજીનો વિરોધ કરતા અમદાવાદ સેશન્સ કોર્ટના મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આરોપી સાથે અન્ય આરોપીઓએ મળી ગુનાઈત કાવતરું રચ્યું હતું.

ત્યારબાદ ૧૮ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન અજાણ્યા નંબરથી સીબીઆઈ અધિકારી તરીકે ઓળખ આપી ફરિયાદીને ફોન કરવામાં આવ્યા હતા. જેમાં ભાયખલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવી એરેસ્ટ વોરંટ કાઢવામાં આવ્યું છે. એટલુ જ નહિ ફરિયાદીને પૈસા પડાવવા માટે ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદીના આધારકાર્ડ, પાનકાર્ડ, બેંક એકાઉન્ટ સહિતની વિગતો લઈ લીધી હતી.

## વલસાડમાં પત્ની સાથેના ઝઘડામાં પુત્રએ માતાનું ઢીમ ઢાળી દીધું

### આરોપી સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને તેને કડકમાં કડક સજા થાય તેવી માગણી કરવામાં આવી રહી છે

। (એજન્સી) વલસાડ, તા.૧૬ ।

વલસાડમાં પત્ની સાથેના ઝઘડામાં માતાનું ઢીમ ઢાળી દીધું હોવાની ઘટના બની છે. પોલીસે મૃતકના સાવકા દીકરાની ધરપકડ કરીને જરુરી કાર્યવાહી હાથ ધરી છે. મા તે મા બીજા વગડાના વા.. એ કહેવતને ડાઘ લગાવતી ઘટના વલસાડમાં બની છે. રાજ્યના છેવાડે આવેલા વલસાડ જિલ્લાના કપરાડાના એક અંતરિયાળ ગામમાં એક પુત્રએ માતાની હત્યા કરી હોવાની ઘટના બની છે. સાવકો પુત્રએ જ માતાની હત્યા કરી અને ફરાર થઈ ગયો હતો. કપરાડા પોલીસે આરોપી પુત્રની ધરપકડ કરી છે. આરોપી સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને તેને કડકમાં કડક સજા થાય તેવી માગણી કરવામાં આવી રહી છે. પોલીસે આ મામલે વધુ તપાસ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ચાવશાળામાં હાલે ગમગીની વ્યાપી ગઈ છે. નાનકડા આ ગામમાં અરેરાંટી વ્યાપી ગઈ હતી. ગામમાં એક હત્યાનો બનાવ બન્યો હતો. ગામના માજી સરપંચ કાસુભાઈ પાલવાની પત્ની સુકરીબેનની હત્યા થઈ છે. ઘટનાની વિગતે વાત કરીએ તો માજી સરપંચ તેમના ત્રણ ગાળાના મકાનમાં તેમની બે પત્ની અને બંને પત્નીના સંતાનો સાથે રહેતા હતા. કાસુભાઈ પાલવાની બીજી પત્ની સુકારીબેન પાલવાની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ હત્યા બીજા કોઈએ નહિ પણ માજી સરપંચના દીકરા અને મૃતકના સાવકા દીકરાએ જ કરી હતી. સુકરીબેનના જ સાવકા પુત્ર ભગુ પાલવાએ દાતરડાના ઘા ઝીંકીને હત્યા કરી નાખી છે. સાવકી માતાની હત્યા કરી પુત્ર ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ગામમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસને જાણ થતા કપરાડા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ અને પરિવારના સભ્યો અને ગામ લોકોની પૂછપરછ કરીને આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી.

## સમાધાન માટે ભેગા થયેલા બે પક્ષો વચ્ચે બબાલઃ એકની હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

નિકોલના યુવકના પુત્રને થોડા દિવસ પહેલા રાણીપ વિસ્તારમાં બબાલ થઈ હતી. જે બબાલ બાદ બંને પક્ષના લોકો મોટેરા સ્ટેડિયમ પાસે સમાધાન માટે એકત્ર થયા હતા. તે દરમિયાનમાં બંને પક્ષના લોકો વચ્ચે બબાલ થતાં ૧૦થી વધુ આરોપીએ ઉગ્ર થઈને ઘાતકી હથિયારોથી હુમલો કરતા ચારેક લોકોને ઈજા પહોંચી હતી. જેમાંથી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મામલે ચાંદખેડા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. ક્રાઈમ બ્રાંચે નવ આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. ચાંદખેડા મોટેરા સ્ટેડિયમ નજીક નિકોલમાં રહેતા ૪૩ વર્ષીય વ્યક્તિની ધોળા દિવસે કરપીણ હત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. એક જ કોમના બે પક્ષો વચ્ચે અંગત અદાવત બાબતે માથાકૂટ થઈ હતી. આ માથાકૂટ દરમિયાન ઉગ્ર બોલાચાલી થતા ત્રણથી ચાર શખ્સોએ લાકડીઓ અને તલવાર વડે હુમલો કરતા ૪૩ વર્ષીય સરદારજી વણઝારાને માથાના ભાગે લાકડીઓના ફટકા વાગતા ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ હુમલામાં અન્ય ત્રણ લોકોને પણ ઈજા થઈ હતી. સમગ્ર બનાવ અંગે ચાંદખેડા પોલીસને જાણ થતા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. પ્રાથમિક તપાસમાં તમામ આરોપીઓ સરદારનગર વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. મૃતક સરદારજીના પુત્રને તા.૮મીએ રાણીપમાં કેટલાક લોકો સાથે બબાલ થઈ હતી.

## બરાબર સર્વિસ કરી ચાલવા લાયક ના છોડ્યો!

# પોલીસ પર હુમલો કરનાર બુટલેગરની હેકડી ઉતારી

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતનાં ભેસ્તાન પોલીસની PCR વાનને ટક્કર મારી બુટલેગર દ્વારા પોલીસ પર હુમલાનો કરનાર બુટલેગર યુસુફ ટેણીની હેકડી પોલીસે ઉતારી છે. બુટલેગર યુસુફ ચાલવાના લાયક નહીં રહ્યો છે. બુટલેગરની યુસુફની બરાબરની પોલીસે સર્વિસ કરી છે. ભેસ્તાન પોલીસે હુમલાખોર યુનુસ ઉર્ફે ટેની મુઝફ્ફર પઠાણની ધરપકડ છે. સુરતના ભેસ્તાન વિસ્તારમાં રહેતા બુટલેગર યુનુસ ઉર્ફે ટેણી જાહેર રસ્તા ઉપર અન્યની સાથે ઝથડો કરતો હતો, ત્યારે પોલીસે તેને પકડીને લઇ જવાની કોશિષ કરતાં બુટલેગરે પોતાની સ્કોર્પિયો કાર લઈને પીસીઆર વાનની ટક્કર મારી હતી. પોલીસ વાનમાં બેઠેલા સ્ટાફને મારી નાંખવાના ઈરાદે કાર ચડાવી દેવાના મામલે હત્યાની કોશિષ મુજબ ગુનો નોંધ્યો હતો. બીજીતરફ ભાગી છુટેલા ટેણીની કારને દમણ ખાતેના ગેરેજમાંથી કબજે કરી હતી. તેમજ પોલીસ ચોપડે પંકાયેલા ટેણીને ભેસ્તાન સ્ટેશનથી પકડીને કસ્ટડી ભેગો કરી દીધો હતો. ઉન પાટિયા નજીક આવેલા હયાતનગર પાસે માથાભારે તરીકે પંકાયેલા બુટલેગર યુનુસ ઉર્ફે ટેણી પઠાણ જાહેર રસ્તા ઉપર કોઈની સાથે ઝઘડો કરતાં લોકટોળું એકત્ર થયું હતું. દરમિયાન ભેસ્તાન પોલીસ સ્ટાફના એએસઆઈ રિતેશ મોહનભાઈ, પો.કો. ગુંજન સહિત ઘટના સ્થળે દોડી ગયા હતા, જ્યાં પોલીસે જાહેરમાં બખેડો નહીં કરીને યુનુસને પોલીસ મથકે લઈ જવા કાર્યવાહી કરી રહ્યા હતા, ત્યારે તેણે પોલીસની કામગીરીમાં અડચણરૂપ બનીને પોતાની કાળા રંગની સ્કોર્પિયો કાર ને બેફામ રીતે હંકારીને પોલીસકર્મીઓની વાનને મારી નાંખવાના ઈરાદે ધડાકાભેર ટક્કર મારી હતી, તેમજ ફરીવાર રિવર્સ લઈને પીસીઆર વાનને પાછળથી ટક્કર મારી હતી. આ બનાવમાં વાનને રૂ. ૨૫,૦૦૦નું નુકસાન પહોંચાડીને ભાગી છૂટયો હતો. માથાભારે યુનુસ ઉર્ફે ટેણી દમણમાં કાર લઈને નીકળી ગયો હોવાની બાતમીના આધારે પોલીસે તેનું પગેરૂ દબાવીને ગેરેજમાંથી સ્કોર્પિયો કાર મળી આવતાં કબજે કરી હતી.




